The English Figures of speech have been classified on the basis of the three operations of the intellect or understanding that they have reference to: viz., *Similarity* or the feeling of agreement, *Contrast* or the feeling of difference, and *Association.*

369. અલંકાર in Gujarati are reducible on a similar basis to *four* following groups:—

(1) Figures based on *Similarity.*

(2) Figures based on *Contrast.*

‡(3) Figures based on *Association*.
(4) Figures based on *Arrangement*.

370. The classification of the અલંકાર usually met with in Gujarati Literature may be tabulated under these four groups as under:—

અલંકાર
(based on)

Similarity	*Contrast*	*Association*	*Arrangement*
ઉપમા	વિરોધ	અજહલ્લક્ષણા	અનુક્રમ
(*a*) અનન્વય	વિરોધાભાસ	જહલ્લક્ષણા	(*a*) સમુચ્ચય
(*b*) ઉપમેયોપમા	અતિશયોક્તિ	ઉપલક્ષણા	(*b*) સાર
(*c*) પ્રતીપ	વ્યાજસ્તુતિ		(*c*) કારણમાળા
(*d*) દૃષ્ટાંત	or		શબ્દાલંકાર
(*e*) નિદર્શના	અન્યોક્તિ		(*a*) અંત્યાનુપ્રાસ
(*f*) વ્યતિરેક	કાકુસ્વર		(*b*) છેકાનુપ્રાસ
રૂપક	or		(*c*) યમક
(*a*) ઉત્પ્રેક્ષા	પૃચ્છા		(*d*) લાટાનુપ્રાસ
(*b*) અપ્રસ્તુતપ્રશંસા			(*e*) ચોક
(*c*) સજીવારોપણ			(*f*) સિંહાવલોકન
(*d*) અપહ્નુતિ			(*g*) શ્લેષ
(*e*) સમાસોક્તિ			(*h*) ગૂઢોત્તર
(*f*) સંબોધન			(*i*) એકાનેકોત્તર
(*g*) સ્વપ્ન			(*j*) અંતર્લાપિકા
			(*k*) બહિર્લાપિકા

‡ The Figures under this group are *really speaking* not અલંકાર but *mere* લક્ષણા. In English they *are* Figures of Speech, and they have been placed here in Gujarati on account of the great inconvenience of placing them elsewhere. It was suggested to have a separate Chapter on લક્ષણા and to treat the અલંકાર under this group there. But the authors have not deemed it desirable to enlarge the scope of this elementary work.

I. *Figures based on Similarity.*

ઉપમા—Simile.

371. ઉપમા expresses the resemblance in some particular between two objects of different kinds or species, but having some similarity in the quality to which the reader's attention is particularly directed, the resemblance or similarity being generally expressed by words like **જેમ, તેમ, જેવું, તેવું, પ્રમાણે, પેઠે, પેરે, સમ, સરખું, તુલ્ય, જે રીતે, જે માફક,** &c. &c.

મૂરખ તું સમજે નહિ, આયુષ ઓછું થાય;
જ્યમ સરોવરની માછલી, સમજે નહિ સલિલ સુકાય–દયા.‡

તેના કપાળ ઉપર જે રાતો હિંગળોકનો ચાંદલો હતો તે બરફના મેદાન ઉપર લોહીનાં ટપકાં જેવો દેખાતો હતો–(કરણ.)

For a complete ઉપમા, *four* things are necessary: (1) the object of comparison (ઉપમેય), (2) the standard of comparison (ઉપમાન), (3) the common attribute (સાધારણ ધર્મ), and (4) the word expressing comparison (ઉપમાવાચક શબ્દ). When all these four are expressed, it is પૂર્ણોપમા. As, આ સરોવરનું પાણી અમૃત સરખું મીઠું છે. Here, પાણી is the ઉપમેય, અમૃત is the ઉપમાન, મીઠાશ is the સાધારણ ધર્મ, and સરખું is the ઉપમાવાચક શબ્દ. But if one or more of the four be unexpressed, the figure is termed લુપ્તોપમા: as,

---

‡ In this Chapter the illustrations are chiefly taken from the following :—

દયા.—દયારામ	ન. ગ.—નર્મગદ્ય
ગિર.—ગિરધર	ન. ક.—નર્મ કવિતા
નર.—નરસિંહ મહેતા	અલં. પ્ર.—અલંકાર પ્રવેશ
પ્રેમા.—પ્રેમાનંદ	કુસુ.—કુસુમાવલી
સામ.—સામળભટ	નળા.—નળાખ્યાન
ધીરો.—ધીરો ભગત	ઓખા.—ઓખાહરણ
કરણ.—કરણઘેલો	સર.—સરસ્વતીચંદ્ર

ચાંદી જેવી જિવ્હા, મોતી જેવા દાંત અને પ્રવાળ જેવા ઓષ્ઠથી નીકળતા તેના શબ્દોએ સભા મંડળની સર્વ ઇંદ્રિઓને સ્તબ્ધ બનાવી દીધી.—(કુસુ.)

Here the સાધારણ ધર્મ is unexpressed in all the three ઉપમા.

અનન્વય—Self-Comparison.

372. When one thing is compared to itself for want of a better standard of comparison, the figure is **અનન્વય.** Here the ઉપમેય itself is the ઉપમાન.

અહો માતાનું હેત! **તેની** અપૂર્વતા! તેની અલૌકિતા! તેની નિર્મળતા! **તેની** પૂર્ણતા! તેની દિવ્યતા! **સર્વથા, માતા તે માતાજ** છે.—(કુસુ.)

એવી ખુબસુરતીનો મોહ કોણ અટકાવી શકે? **માણસ તો માણસજ.**

ઉપમેયોપમા—Reciprocal Comparison.

373. When two objects are reciprocally compared with one another, it is **ઉપમેયોપમા.** The ઉપમાન and the ઉપમેય of the first comparison become respectively the ઉપમેય and the ઉપમાન of the second comparison.

બીજ તેવું ફળ ને ફળ તેવું બીજ.—(અલં. પ્ર.)
લક્ષ્મી તેવી બુદ્ધિ અને બુદ્ધિ તેવી લક્ષ્મી.

પ્રતીપ—The Converse.

374. When the common ordinary form of ઉપમા is inverted, it becomes **પ્રતીપ.** In this figure, the usual standard of comparison—ઉપમાન—is made the **ઉપમેય,** and the object of comparison—**ઉપમેય**—is treated as the **ઉપમાન.**

જેના રૂપ થકી **રતિ લાજે,** ઉપમા નથી એને કાજે.—(ગિર.)
ભીમક સુતાનું **વદનસુધાકર** દેખીને શોભાય,
ચંદ્રમા તો ક્ષીણ પામી આભમાં સંતાય.—(નળા.)

દૃષ્ટાંત—Exemplification.

375. When two statements bear out a comparison, one of them serving to illustrate the other, it is called **દૃષ્ટાંત**.

પંડિત આગળ મૂઢ, હંસ આગળ જ્યમ બગ્ગા,
પંડિત આગળ મૂઢ, કોકિલા આગળ કગ્ગા,
પંડિત આગળ મૂઢ, રાય આગળ જ્યમ રાંકા,
પંડિત આગળ મૂઢ, સિંધુ આગળ જ્યમ ટાંકા.—(સામ.)
પ્રીત થવી તો સ્હેલ છે, નિભાવવી નહીં સ્હેલ,
પીતાં કેફ પડે મઝા, જેરવતાં મુશ્કેલ.—(ન. ક.)

નિદર્શના—Illustration.

376. When two statements, which obviously seem to have hardly any connection whatsoever between them, imply a comparison, and admit of being very tersely expressed, the figure is **નિદર્શના**.

નાનપણે ધરધંધે ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય,
ધર લાગ્યું ત્યારે કૂવો ખોદાવે, અગ્નિ એ કેમ હોલાય.–(ધીરો).
પ્રીત કરીને પછી વછોડવું ને દઝાડીને લૂણ લગાડવું એ બરાબર છે.

વ્યતિરેક—Excellence.

377. When the **ઉપમેય** is described as possessing some rare excellence, and is thus placed even above the **ઉપમાન**, it is **વ્યતિરેક**.

સ્ત્રીનું મુખ કમળ સરખું છે, પણ **મધુરવાણી એટલું વિશેષ છે.**

અલક્તને **ફીકા પાડનાર** તેના પાદદ્વયજ હતા, કમળને **સંકોચ દેનાર** તેની હાથેલીઓજ હતી, પ્રવાળને **સાંધો કરનાર** તેનો અધરોષ્ઠ હતો.—(કુસુ.)

રૂપક—Metaphor

378. When the **ઉપમાન** and the **ઉપમેય**, on account of their very close resemblance, are taken to be identical, and described as such, the **અલંકાર** is **રૂપક**.

આશા ઉંડી ખાડ, પ્હાડથી થાય ન પૂરી;
હેમ મેરૂ સમ હોય, તોય પણ રહે અધૂરી;
આશા નીર અગાધ, બહુ જન તેમાં બૂડયા.—(સામ.)

સ્નેહસિંધુએ મર્યાદા મૂકી, આ કુલજારૂપી ધરાને તેના ઉપર રેલ ચ્હડાવી તેમાં ડુબાવી.—(કુસુ.)

Many appositional compounds (*Vide* Art. 264) like મુખચંદ્ર, સંસારસાગર, વિરહાગ્નિ, કાયાવાડી, ચરણકમળ, મુખારવિંદ, &c. &c, are examples of રૂપક.

This અલંકાર is also recognised by the introduction of words like રૂપ, રૂપી, બીજો—જી—જું, *e. g.*, **અજ્ઞાનરૂપી તમ** નાશકર્તા, આ ગવૈયો તો **બીજો તાનસેન છે, આંખોરૂપી વાવડીઓજ** ખાલી, &c.

ઉત્પ્રેક્ષા—Poetical Probability.

379. When the identity between the ઉપમાન and the ઉપમેય is simply apprehended as probable, and not taken for granted as in રૂપક, it is **ઉત્પ્રેક્ષા.** It is generally expressed by words like ધારૂં, લાગે, જાણે, જણાય, દીસે, શું, &c.

શકે સર્વસ લૂટી લીધું નથી, એવે રૂપે ધાયાં જસોમતી.-(પ્રેમા.)
નખમણિગણ ચળકે અનુપ, વિધુ સેવે જાણી ધરી રૂપ.-(ગિર.)
કુરંગમીનની ચપળતા, શું ખંજન જાળે પડિયાં.-(પ્રેમા.)

This ઉત્પ્રેક્ષા is of two kinds:—(1) **વસ્તૂત્પ્રેક્ષા**—where the objects or the common attributes are apprehended as probable: and **હેતૂત્પ્રેક્ષા**—in which the action is attributed to some incongruous motive which is taken to be probable.

The examples given are illustrations of વસ્તૂત્પ્રેક્ષા. હેતૂત્પ્રેક્ષા is seen in the following passages:—

જટાની શોભાથી અતિશ શરમાઈ શિવ ઉઠયા,
જટાને સંકેલી વડ તળે ગિરિએ જઈ રહ્યા.—(ન. ક.)
પાતાળમાં લેઈ પદમણીને, વસિયા વરૂણ તે ભૂપ,

સ્વાહાને સાચવવા વન્હિએ, ધર્યાં અડતાળીશ રૂપ;
ચંદ્ર ને સૂરજ નાઠા ફરે છે, રખે વરતી નારી,
નારદજી આગળથી ચેત્યા, માટે રહ્યા બ્રહ્મચારી.—(નળા.)

અપ્રસ્તુતપ્રશંસા—Allegory.

380. When the principal object of description is described by another object, resembling it in all its essential properties and circumstances, the figure is **અપ્રસ્તુતપ્રશંસા**.‡ The principal object is not at all mentioned, but is wholly kept out of view, and it is left to the reader to find out the primary object by its resemblance to the secondary object, which is talked of throughout.

The figure is used generally to impart sound moral instructions. It is also called અન્યોક્તિ.

જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.
સિંહણુ કેરૂં દૂધ હોય તે, સિંહણુ સુતને જરે;
કનકપાત્ર પાખે સૌ ધાતુ, ફોડીને નીસરે.—પ્રેમ.
સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણુજ હરે;
ક્ષારસિંધુનું માછલડું જ્યમ મીઠા જળમાં મરે.—પ્રેમ.–(દયા.)

The poet in so many words means to say that those only, who have natural gifts for particular objects, can appreciate or find taste in them.

An excellent illustration of a beautiful and well-sustained allegory is found in કરણઘેલો, pages 100–102, (વળી આ સંસાર એક મોટો વિકટ સાગર છે—એ પ્રમાણેનો સંસાર છે).

સજીવારોપણ—Personification

381. સજીવારોપણ consists in attributing life and mind to inanimate objects, and speaking of them as if they were animate.

---

‡This figure is also termed દૃષ્ટાંતરૂપક by some writers, but the term does not seem to convey the whole sense.

સૂર્ય દેવતાને આદરમાન આપવાને પૂર્વ તરફના વાદળામાં ઇંદ્રરાજાએ ઘણા ભભકાદાર રંગના સાથિયા પૂર્યા. તળાવોમાં કમળના ફૂલ ખીલી તેઓએ પોતાના સૂર્ય પિતાને મળવાને પોતાનાં મ્હોડાં પૂર્વ તરફ ફેરવ્યાં. પોતાની પ્રિયાને ખીલેલી જોઈ ભમરાઓ કમળની આસપાસ ફરી ગુંઝાગુંઝ કરવા લાગ્યા.—(કરણ.)

અપહ્નુતિ—Concealment.

382. This figure occurs under different circumstances, of which the following are important:—

(*a*) When the object under description, *i. e.* the ઉપમેય, is denied, and is described as something else, quite similar to it, *i. e.* the ઉપમાન, it is **અપહ્નુતિ**.

આ આકાશમંડળ નથી, પણ એક **સાગર** છે. આ **તારાઓ** નથી, પણ **સાગરના ફીણની** હાર છે. (અલં. પ્ર.)

(*b*) When the object under description is denied with plausible reasons under various characters, it is also **અપહ્નુતિ**,

કોઈ વિરહિણી કહે છે—આકાશમાં જે ગોળ ચળકતો દેખાય છે તેને ચંદ્ર કહિયે, તો ચંદ્રે ઠંડક કરવી જોઇએ તે નથી કરતો ને ઉલટું વધારે દુઃખ કરે છે માટે તે ચંદ્ર નથી. વારૂ, વધારે તપાવે છે એમ કહીએ તો તે સૂર્ય કહેવો જોઇએ, પણ રાત છે એટલે સૂર્ય શેનો હોય, માટે એ સૂર્ય પણ નથી—ને ચંદ્ર પણ નથી. એ તો **સમુદ્રમાંથી નીકળેલો વડવાગ્નિ** આકાશમાં જઈને રહ્યો છે.—(અલં. પ્ર.)

(*c*) When two persons are talking together about some private object, and suspecting that some unconcerned person has heard the conversation, the object under description is denied by the superimposition of the character of some other similar object, the figure is **અપહ્નુતિ**.

શીત ૠતે તે વગર ન ચાલે, મુજ અંગે લપટાઇ મ્હાલે;
પિયુ કરતાં અદકો છે વ્હાલો, કાં સખી પ્રીતમ ના ચોફાળો.—
The last is also called છેકાપન્હુતિ. [(અલં. પ્ર.)

સમાસોક્તિ—A Speech of Brevity.

383. When the description of the object in hand also indirectly applies to something else, which is not the subject of description, the figure is **સમાસોક્તિ**. Thus in this figure, the indirect object of description is suggested by the direct one, and it, therefore, differs from અપ્રસ્તુતપ્રશંસા, where the direct object is suggested by the description of the indirect object.

જો નદી નિરમળી નીલ અંબર સજી ગંભિરાઇ ધરી બ્હાર નેટે;
ચોરીથી દોડતી વાટ ટુંકી શોધતી સંગ સખી લેઇ સિંધુસું ભેટે.—(ન.ક.)

The description of the *river* indirectly applies also to a *woman of loose character*.

સંબોધન—Apostrophe.

384. When some absent person or thing, or a lifeless object personified is made the subject of an address, the figure is called **સંબોધન**.

વખત, તું કેટલો કીનાખોર ને કેવો ઘાતકી છે !અરેરે......... ! ખીલેલા કમળ સરખું તે કિલ્લાનું મેદાન, આરસ જેવા ઓપતા તે ઓવારા, માણેકના ચોક જેવી તે મુગલી સરાહ ને નંગમાળ જેવું તે નાણાવટ, ચાંદ જેવું તે ચૌટું, રસે રાતો કસુંબા જેવો તે રહિયા સોનીનો ચકલો, બામદાદના રંગ જેવી તે બરહાનપુરી ભાગળ ને ગોકુળ જેવું તે ગોપીપરું ક્યાં ક્યાં ઉડી ગયાં ? ! અરે ઓ પ્યારી સુરત, હવે તો અમારે નશીબે તારાં ખંડિયેર ઉપર પડતાં તીત તડકાના અદ્ધર તરતા તેજને ઉદાસીન મ્હોડે બેઠાં બેઠાં જોયા કરવાનુંજ રહ્યું છે ! અફસોસ !—(ન. ગ.)

સ્વપ્ન—Vision.

385. **સ્વપ્ન** is not exactly the English figure *Vision*, but is a species of *Apostrophe*, in which the the poet breaks off in the middle of his narrative, and makes the object of his narration take up the thread and continue it.

જોઈ સ્વરૂપ સુઘડતા શ્રીકૃષ્ણની, મોહ પામ્યું સહુરે;
આ તો વર છે શ્રી રૂક્મિણી જોગ, જોડું શોભે બહુ રે—(દયા.)

કો અધસસ્તા કો પૂરા, એમ સૈન્ય કીધું ચકચૂરા;
તે રણ ભયાનક ભાસે, બળ દેખીને ઓખા ઉલ્લાસે.

મેં તો આવડું ન્હોતું જાણ્યું, ચિત્રલેહાએ રત્નજ આણ્યું;
શોણિતસ્પર્શ થયો છે દીલે, નાથ રણરૂધિરમાં ઝીલે.—(પ્રેમા.)

II. *Figures based on Contrast.*

વિરોધ—Antithesis.

386. When two objects or sentiments, which are opposed to one another, are contrasted together, the figure is called **વિરોધ**. It consists in describing things together, though in the nature of things, they ought not so to exist.

એને ટોપ કવચ બખતર, તમારે અંગે પીતાંબર;
એ મદોન્મત્ત બહુ બળિયા, તમે સકોમળ પાતળિયા.—(ઓખા)

આ સમયે આ પુરીમાં..........પ્રતિષ્ઠા ધુતકારની હતી, માન અભિસારિકાઓનાં હતાં, જોર ચોરનું હતું, ચલણ માલણનું હતું, મઠ શઠના હતા, ભજન વ્યસનનું હતું, અને વજન દુર્જનનું હતું.—(કુસુ.).

વિરોધાભાસ—Epigram.

387. **વિરોધાભાસ** is, as its very name implies, a mere semblance of **વિરોધ**. There appears simply an

inconsistency, but it disappears when the sense is properly understood. The figure expresses a real sequence under an apparent contradiction so as to create an agreeable surprise.

સુણી હરખ પામ્યા રાજન, વળી શોકાતુર થયું મન;
રામરૂપ જોઈ થયું સુખ, પણ સંભારી પામ્યા દુઃખ-(ગિર).

જે સુશીલ પુરૂષ છે, જેને પોતાનું પારકું નથી, તેને અગ્નિ જળ રૂપ, વિષ અમૃત જેવું, સમુદ્ર નદીનાળાં સરખો, અને સાપ માળા સરખો થાય છે.—(અલં. પ્ર.)

અતિશયોક્તિ—Hyperbole.

388. અતિશયોક્તિ consists in representing things much greater or much smaller than they really are.

બ્રહ્માજીની સૃષ્ટિમાં કો ન મળે જાચકરૂપ;
નળને દાને દારિદ્ર છેદ્યાં. ભિક્ષુક કીધા ભૂપ.—(નળા.)
મ્હોટાં વનોમાં ધૂળકોટ થાય, પંખી પશુઓ ઘસડાઈ જાય;
સમુદ્ર મોજાં ગગને ચ્હડાવે........................(ન. ક.)

વ્યાજસ્તુતિ—Irony.

389. વ્યાજસ્તુતિ expresses the contrary of what is really meant, there being generally something in the tone or manner to show what is really meant. A satire may be disguised in the form of a compliment, or a compliment in the form of a stire.

ડા'પણમાં તુજ નહીં મણા, માણે મ્હોટી મોજ,
વાહવા ભાઈ વાહવા તને, અબળા મારે રોજ.—(અલં. પ્ર.)
ઓ પ્રભુ, કે'વો ત્હારો અવિચાર કે પાપીઓને પણ મોક્ષ આપે છે.

કાકુસ્વર or પૃચ્છા—**Interrogation.**

390. **પૃચ્છા** is a figure in which the speaker adopts the form of interrogation, not to express a doubt, but in general, confidently to assert the reverse of what is asked.

> જો કિન્નર જક્ષ ને રાક્ષસો, દેવ ગાંધર્વ ને દાનવી,
> મઘવાદિક પણ મોતે મરે, **કોણ માત્રમાં માનવી ?**—(સામળ)
>
> તેના દુ:ખ આગળ યુધિષ્ઠિર, ત્‍હારૂં દુ:ખ **કોણ માત્ર ?** (નળા.)

III. *Figures based on Association.*

અજહલ્લક્ષણા—જહલ્લક્ષણા—**Metonymy.**

391. When the principal evident sense of a word is restricted, and we are required to understand some other meaning of it, closely allied to the principal one, the figure is called **લક્ષણા**. For example, in **સુરત ઘણું લહેરી શહેર છે,** we are to understand by સુરત, the *people* of **સુરત,** and not the *city* itself.

392. This **લક્ષણા** has *two* chief important divisions :

(*a*) When we understand some other sense closely allied to the principal one, even when the latter resides in the sentence, it is called **અજહલ્લક્ષણા.***

> તે ગામ લૂટાયું ત્યારે પચ્ચીશ **કામઠી** હતી (=કામઠીવાળા ભીલો).
>
> આજ ખેતરમાં કેટલી **દાતરડી** હતી ? (=દાતરડીવાળા મજૂરો).

(*b*) When we completely disregard the principal sense, and only apprehend some other closely allied to the principal, it is called **જહલ્લક્ષણા.**†

---

*This is what is in Sanskrit called **અજહત્સ્વાર્થા** or **ઉપાદાન લક્ષણા.**

† This is called **લક્ષણ લક્ષણા** in Sanskrit.

ગાણું તે હિંદુસ્તાનીજ (=ભાષાનું and not દેશનું).

ગંગા પરનાં ઝુંપડાં (=the *bank* of the river and not its watery course).

393. This *metonymy* also occurs in these cases:—

(*a*) When the *cause* is put for the *effect*: as,
ચૈતર વૈશાખમાં સૂર્યનાં કિરણ બહુ સખત હોય છે.

(*b*) When the *effect* is put for the *cause*: as,
તેને હવે પળિયાં આવ્યાં છે.

(*c*) When the *container* is put for the thing *contained*: as, મેં આજ બે લોટા પીધા.

(*d*) When a *quality* is put for the *possessor* of that quality: as, ઓ મીઠી **ખુબસુરતી,** તું મ્હારી સામે જરા જો.

(*e*) When the *author* is put for the *works*: as,
હાલમાં હું **પ્રેમાનંદ** અને **સામળ** વાંચું છું.

(*f*) When the *epithets* are *transferred*: as,
તેણે **જબરો** ઘા કર્યો. તેણે પોતાની **ખુની આંખ** મ્હારી તરફ ફેંકી. તેણે પોતાની **ધ્રુજતી તરવારે** પણ એક ઘા કર્યો.

ઉપલક્ષણા—Synecdoche.

394. ઉપલક્ષણા is also a species of લક્ષણા, in which a *part* is put for the *whole*, an *individual* for the *class*, the *class* for the *individual*, or the *particular* for the *general*. તેને **કક્કો** કહાડતાં પણ આવડતો નથી. હાલમાં એ તો એક રાજા **કરણ** છે. **બ્રાહ્મણની જાત** બહુ લોભી હોય છે. હમે તમારૂં **લૂણ** ખાધું છે તે શું ભુલી જઈશું?

IV. *Figures based on Arrangement.*

અનુક્રમ—Climax.

395. અનુક્રમ rises by regular steps from one circumstance to another in such a way that each succeed-

ing expression becomes stronger and stronger than th preceding one.

કુમુદસુંદરીમાં ઈશ્વરે કુલીનતા વાવી હતી, માબાપે ઉછેરી હતી વિદ્યાએ ફળફૂલવાળી કરી હતી.—(સર.)

396. The following are the *three* species of **અનુક્રમ**:

(*a*) When several *states* or *actions* are possibl at one and the same time, it is called **સમુચ્ચય** : as,

તારૂં મોટું નશીબ કે આવી સ્ત્રી તને મળી—એક તો પૈસાદાર વળી ઉંચ કુળની, વળી રૂપે રંભા સરખી, વળી ભણેલી, વળ ડાહી, અને વળી રસિક. —(અલં. પ્ર.)

તે સમયે માત્ર બુદ્ધિધન એકલો જાગતો હતો, જોતો હતો, સાંભ ળતો હતો, વિચારતો હતો અને નવા ખેલ રચતો હતો. (સર.)

(*b*) When the *sense* rises in succession, it is calle **સાર** : as,

કડવું ઝેર, વધારે કડવી હિતકારક શિક્ષા, સૌથી કડવી દુર્જનવાણી

(*c*) When there is a *succession* of *causes* and *effect* it is called **કારણમાલા** : as,

લોભથી ક્રોધ થયો, ક્રોધથી વિવેક ગયો, તેથી મોહ વધ્યો, અ અંતે સ્ત્રીહત્યામાં સર્વ પર્યવસિત થયાં.—(કુસુ.)

Figures of Words (શબ્દાલંકાર).

397. Gujarati poetry has always been composed i *rhyming* verses. Unlike its mother language Sanskrit *blank* verse is altogether foreign to it, though only of lat some writers have tried to introduce it with doubtfu success. Consequently, Gujarati poetry has a good dea to depend for its charm and beauty and attractivenes upon an excellent *arrangement* of syllables with consouance or similarity of sound in them, thu producing a few *figures of words as regards rhymes*

These figures are chiefly the following:—

398. **અંત્યાનુપ્રાસ**—*Terminal Rhyme*—the resemblance of sound in the last syllable or syllables of two successive quarters: as,

ધીમે ધીમે સરતિ નિરખી હંસની નારી હારી,
વાયુ વાતાં ઉડતું ઉરથી લ્હેરિયું અંગ ધારી.

This is also called **પ્રાસાનુપ્રાસ**. The essentials of this figure are that the final vowel-sounds should be similar, the consonants following the vowels must be the same, and the consonants preceding them must be different; as, ખાન—પાન, માર—ધાર, રાખો—ભાખો. There might be *double* rhymes, as, રાખો—ભાખો, ચાળો—કાળો; or *triple* rhymes, as, કરમે—શરમે, મારક—તારક. All these heighten the beauty of the verse.

Like the *middle rhyme* in English, there is in Gujarati what is called **પાદપ્રાસ** or **યતિપ્રાસ**—a consonance of sounds in the middle of a **ચરણ**: as,

સહુ કાળ માપે વિણ માપે, શુદ્ધ આપે માપને;
તવ શાણી વાણી જગ પ્રમાણી ને વખાણી જગ જને!
તપખીર સુંઘે જન, જૂઓ તેનું કેવું તન,
જાણે ધૂળનુંજ વન, બહુ દુઃખકાર છે.

399. **છેકાનુપ્રાસ-ઝડ**—*Sectional Rhyme*—the recurrence of similar sounds or rhyming words in one and the same **ચરણ**: as,

તારી છે પોતાની તેની યારી તેં ન ધારી ચિત્ત,
યારી તેં વિચારી પરભારી કેરી નારીની.

400. **યમક** or **ઝમક**—the recurrence of the same word in a **ચરણ** or a couplet: as,

ઊનું પાણી નાહતાં પીતાંજ ઊનું દૂધને,
ઊની ચાહ ઊની કાફી ઊનું ખાવું ભોજને.—(ન. ક.)

આ કળી જો બને કેવી, આજ ની રજની પ્રિયા: [તા. ૧૨-૩-૯૯)
આકળી જોબને કેવી, આજની રજની પ્રિયા.—(ગુજરાતી—

401. **લાટાનુપ્રાસ-વૃત્ત્યનુપ્રાસ-વર્ણસગાઇ**—*Initial Rhyme* or *Alliteration proper*—the repetition of the same initial letter in several words coming in close succession : as,

વિદ્યા વિનોદ વિભુ વલ્લભતા વધારો,
વેશ્યા વિલાસ વિખવાદ વૃથા વિસારો;
વેગે વળી વિફલ વૈર વિકાર વાળો,
વીરે વૃત્તે વિનયથી વધવા વિચારો—(સુ. લ.)

402. **ચોક**—When two ચરણ have પ્રાદપાસ as well as અંત્યાનુપ્રાસ, they form a ચોક—*Quatrain*: as,

સિંહણ ભૂખથી જો મરે, તોય ઘાસ નવ ખાય;
પતિવ્રતા મદને મરે, પર પાસે નવ જાય-(ન. ક.)

403. **સિંહાવલોકન** (*Looking backward of a lion*)—When the last syllables of a ચરણ are repeated in the beginning of the next following ચરણ by way of યમક: as,

જોતી તૂને હું રોજે રસિક મધુરી રે આજ કાં તું **ઉદાસી,**
દાસી કાધી ધણીએ નવી વહુ તણી રે બારી હું છું **નિરાસી;**
રાસી બેની નહીં તું સરસ રૂપ ગુણે એકી કોઈ **પનોતી;**
નોતી ખોટી હું મોટી સજની લઇ લિયે સારૂં જો દિવ્ય **જોતિ**-(ન. ક.)

Besides these figures of words with respect to rhymes, there are many other figures of words, the usual and important of which are—

404. **શ્લેષ**—*Pun* or *Paronomasia*—playing upon one and the same word in its different senses : as,

હવે ઉડી ચાલું **શિખરિણી** તજીને ઘરભણી.—(કા. સ.)
સ્તવું હાલ પસ્તાઈ હું રંક પાપી,
મહાસુખ ને શાન્તિ દે કષ્ટ કાપી—(કા. સ.)

405. **ગૂઢોત્તર—ગોપ્યોત્તર—ચિત્ર**—When the **answer is** found in the very same syllables that form the question: as,

> **રસના** સ્વાદ પામીને વર્તે છે કોણ ગર્વથી?
> **માનવી** સર્વ જીવોમાં જાત શી શ્રેષ્ઠ સર્વથી?
> **કામના** ક્લેશ પામ્યાનું મૂળ શું વિશ્વમાં હશે?
> **અંગના** સંગથી કોણ રાજી હૃદયમાં થશે?–(ગુજરાતી, તા. ૫–૨–૯૯.)

406. **એકાનેકોત્તર**—Where simply one answer gives solutions of many questions : as,

> પાન સડે, ઘોડા અડે, બિઘા બિસર જાય,
> ચૂલે પર રોટી જલે, ચેલા કવન ઉપાય?—ઉત્તર—**બિનફીરે.**

407. **અંતર્લાપિકા** and **બહિર્લાપિકા** or **બાહ્યલાપિકા**— When in a poem the letters have been so arranged that they yield something altogether of a different sense from the subject treated, either by taking letters at the beginning or in the middle : as,

સરવ દાનમાં શ્રેષ્ઠ,	**ન**રનું ભૂષણ હોએ,
રસ વિલાસ સુખદાઇ,	**ર**મત શી સુંદર સોએ;
માન થકી નહીં ગર્વ,	**મ**ણિ મોઘું બહુ સાચું,
થિર બહુ સંકટમાં,	**દા**નું કામ નવ કાચું;
ઉરમાં સંતોષી સદા તે,	**શં**કા નહીં કંઈ જંતરે,
સાસ તે માન પામે ઘણું,	**ક**ર વિદ્યામાં મંતરે.—(ન. ક.)

Here we have **સર** માથિઉ સાસ by **બહિર્લાપિકા**, and **નરમદાશંકર** by **અંતર્લાપિકા.**

N. B.—When the two figures are thus combined together in one and the same poem, the figure is often called **બાહ્યાંતર્લાપિકા.**

CHAPTER XII.

PROVERBS—કહેવતો.

408.—

‡અક્કરમીનો દડીઓ કાણો—When sorrows come, they come not single spies, but in battalions. [never thrives.
અધાહ (ઠગાઈ) નો માલ બટાહ (વટાવ) માં જાય—Cheating play
‡અણી ચૂક્યો સો વરસ જીવે—Threatened folks live long.
અતિશય લોભ તે પાપનું મૂળ—Avarice is the root of all evils. Much wants more,and loses all.
અધૂરો ઘડો છલકાય—Empty vessels make most sound.
‡અન્ન તેનું પુણ્ય, રાંધનારને ધૂમાડો—It is the master, and not the steward who becomes generous at his master's expense, that deserves the blessings of the poor. [sold.
‡અર્થ સર્યાં પછી વૈદ વેરી—When the cow is old, she is soon
‡અંધારાની ખાધી બે—Ignorance augments our evils. [gray.
‡અંધારી રાત્રે મગ કાળા—When candles are out, all cats are
‡આખો લાડવો સામટો ન ખવાય—Rome was not built in a day.
‡આગ લાગે ત્યારે કુવો ખોદવા જવું—To shut the stable-door when the steed is stolen.
આજનું કામ કાલ પર ન રાખવું—Delay is dangerous. Procrastination is the thief of time. [the cup and the lip.
‡આડી રાત તેની કરવી શી વાત—There's many a slip betwixt
‡આડે લાકડે આડો વ્હેર—Desperate cuts have desperate cures.
આદર્યાં અધુરા રહે, હર કરે સો હોય—Man proposes, God disposes.
‡આપકી લાપસી પરાઈકી કુસકી—Every one thinks his shilling worth thirteen pence.
આપ ભલા તો જગ ભલા—Good mind, good find.
‡આપ મુએ પીછે ડુબ ગઈ દુનિયા—Death's day is doomsday.
‡આપ મુવા વિના સ્વર્ગે ન જવાય—Crosses are ladders that lead to heaven.

---

‡ Those marked thus (‡) have already been asked, some time or other, in the University Examinations.

‡આપ સમાન બળ નહીં ને મેઘ સમાન જળ નહીં—Commit not to another what you can better do yourself. Every tub must stand on its own bottom.

‡આપીને ફરી માગે, તેની અક્કલ જાય આગે—Give a thing, and take it again, and you shall ride in hell's wain.

‡આભ ફાટે ત્યાં ઠીંગડું કેમ દેવાય?—No fence against a flail. Against God's wrath, no castle is thunderproof.

‡આમણની પુંજી દામણમાં—Come with the wind and go with the water. What is got in the county is lost in the hundred.

‡આવતી વહુ ને બેસતો રાજા, વખાણીએ તો વખણાય—Give a dog an ill name, and you may as well hang him.

‡આવે ઘોડાને વેગે, જાય કીડીને વેગે—Mischiefs come by the pound and go by the ounce.

‡આવે તે ભાવે જાય—Light come, light go. Ill gotten, ill spent.

‡આંખ ને કાન વચ્ચે ચાર આંગળનો ફેર છે—All that we hear is not true. [take an ell.

આંગળી આપતાં પહોંચાને વળગે—Give him an inch, and he will

‡આંગળીથી નખ વેગળા એટલા વેગળા—Heterogeneous natures never agree.

આંધળાને આરશી બહેરાને શંખ—Do not throw pearls before swine.

‡આંધળામાં કાણિયો રાજા—A figure among ciphers. A heron is a king among crows. [of cheese.

‡આંધળો કહે ભીંત ને બહેરો કહે મસીદ—I talk of chalk, and you

‡આંબુ લેતાં જાંબુ જાય—All grasp, all lose.

‡ઈદ પછી રોજા—After Christmas comes Lent.

‡ઉકરડો વધતાં વાર ન લાગે—Ill weeds grow apace.

‡ઉછાળી ટાંટીઓ ન ભાંગો—Look before you leap.

ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન—A figure among ciphers. Every cock is proud on his own dung-hill. [haste, worst speed.

ઉતાવળા સો બહાવરા, ધીરા સો ગંભીર—Haste makes waste. Most

ઉતાવળે આંબા ન પાકે—Rome was not built in a day. [choosers.

ઉધાર આપ ને ખરૂં જોખ—Beggars and borrowers should be no

‡ઉલટો ચોર કોટવાલને દંડે—Roguery supplants justice.

ઉંઘ ન જુએ સાથરો, ભૂખ ન જુએ ભાખરો—Hunger is the best sauce, and fatigue is the best pillow.

‡ઉંટને શિંગડાં જોઇને નથી આપ્યાં—Cursed cows have short horns.

ઉંદરનો જીવ જાય ને બીલાડીને હસવું થાય—One man's meat is another's poison. [infects the whole flock.

‡એક કોહેલી માછલીએ આખો ટોપલો ગંધાય—One scabbed sheep

એકડા વિનાનાં સો મીંડાં—With all abundance, one essential thing is wanting. [reproaches.

એક નન્નો સો દુઃખને હણે—One refusal prevents a hundred

એક નૂર આદમી, ઓર દશ નૂર કપડાં—Fine feathers make fine birds.

‡એકને પાપે વહાણ ડુબે—All might perish for the sake of one Jonah.

એક પંથ ઓર દો કાજ—To kill two birds with one stone.

‡એક મ્યાનમાં બે તરવાર ન સમાય—Friends may meet, but mountains never greet.

એક હાણુ ને બીજું હસવું—One man's meat is another's poison.

એક હાથે તાળી ન પડે—It requires two to quarrel. It makes two to make a bargain. [two in the bush.

ઓટીમાંનું હારે ને મુઠીમાંનું જીતે—A bird in the hand is worth

કણના મણ થાય—Many a mickle make a muckle.

કથા સાંભળી ફૂટયા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન—You may end him but you will not mend him.

‡કમ જોર ગુસ્સા બહોત—A little pot is soon hot.

‡કરણી તેવી પાર ઉતરણી—As you sow, so shall you reap.

કહેવું સ્હેલું છે, કરવું કઠણ છે—Easier said than done.

કાકા મામા ગાવાના ને ગાંઠે હોય તે ખાવાના—With provisions in store, we have friends by score. [uneasy.

‡કાજીજી દુબલે કયું તો કે સારા ગાંઉકી ફીકર—A Paul Pry is ever

કામ કર્યું તેણે કામણ કર્યું—Business is the salt of life.

કાલની વાત કાલ સાથે—To-morrow will take care of itself.

કાળા અક્ષરને કુટી મારે એવા છે—You may as well expect a cat to read. [are not thieves that dogs bark at.

કાળા એટલા ભૂતના સાળા નહીં—All that glitters is not gold. All

‡કાળા કાળા મંકોડા ને રાતી રાતી ધીમેલ—It is all Greek and Latin to me. I can make nothing out of it.

‡કાળા ગયા ને ધોળા આવ્યા—He is gray before he is good.

કીડી ઉપર કટક—He made a mountain on a mole.

કીડીને કણુ ને હાથીને મણુ—In the ant's house, a little dew makes a great deluge.

કીડી સંચરે ને તીતર ખાય—One sows, another reaps.

કુમળી ડાળ જેમ વાળીએ તેમ વળે—A green wound is soon healed.

કૂતરાની પુંછડી વાંકી ને વાંકીજ—You may as well try to make a stone go right.

‡કૂવાને મ્હોડે ઢાંકણું છે, કંઈ જગતને મ્હોડે છે ?—Do as you like, you cannot curb men's tongues. [on the plate.

‡કૂવામાં હશે તો હવાડામાં આવશે—What is in the pot, will come

‡કેડમાં છોકરૂં ને ગામમાં ઢંઢેરો—The butcher looked for his knife, when he had it in his mouth.

કોઇ દહાડો હસવું ને કોઇ દહાડો રડવું—Those who smile on Saturdays, weep on Sundays. [steal an ox.

‡કોડી ચોર તે પાળી ચોર—He that will steal an egg, will also

‡કોડી હરામ, બચકા હલાલ—To stumble at a straw, and leap over a block.

‡કોઠે કોઠે નવી બુદ્ધિ—Many men, many minds.

‡કંઈ નેવના પાણી મોભે ચઢે ?—Can a physical impossibility be believed as a reality ?

કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય—Constant dropping wears away stones, and little strokes fell great oaks.

‡કુંભાર કદી સાજે હાંલ્લે ન ખાય—Who is worse shod than the shoemaker's wife ? [with a mighty prince ?

‡ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી—Can a pauper be compared

ખપ તેનો છોછ નહીં—Necessity has no law. All is fine that is fit. [swine.

‡ખાખરની ખીલોડી સાકરનો સ્વાદ શું જાણે ?—Throw not pearls before

‡ખાડો ખોદે તે પડે—Evil to him who evil thinks. Harm watch, harm catch. The biter bit. Caught in one's own trap.

‡ખાંડણીમાં માથું ત્યાં ધબકારાથી બીવું શું ?—In for a penny, in for a pound.

ખાના પીના ખેરસલા, ખિગાણું બ્હોતેરાં—Great boast, small roast.

‡ખાનાર પીનારને ખોદા આપનાર—Spend and God will send.

ખારા પાણીની માછલી મીઠા પાણીમાં ન જીવે—Sad souls are slain in merry company.

ખાલી ચણો વાગે ઘણો—Empty vessels make most sound.

ખાવું તેનું ખોદવું નહિ—Caste no dirt in the well that gives you [water.

ખાળે ડુચા ને દરવાજા મોકળા—Penny wise and pound foolish.

‡ખોદવો ડુંગર ને કાઢવો ઉંદર—Much ado about nothing. Much cry and little wool. Much bruit, little fruit. Great pains, little gains. A mountain in labour.

‡ખોદે ઉંદર ને ભોગવે ભોરીંગ—Foxes never dig their own burrows.

ગઈ તિથિ જોષીએ ન વાંચે—Done is done, it cannot be undone. Let bygones be bygones.

ગધ્ધાને ખાયા ખેત, નહીં પુણ્ય કે પાપ—Kindness is lost upon an [ungrateful man.

‡ગરજ બિચારી બાપડી : ગરજે ગધેડાને બાપ કહેવો પડે—Necessity has no law. What cannot be cured must be endured.

‡ગરજ સરી ને વૈદ્ય વેરી—Hell is paved with good intentions. A fig to the doctor, when cured.

ગરમી ગરમીને મારે—Like cures like. Diamonds cut diamonds.

ગાજ્યા મેઘ વરસે નહીં—Barking dogs seldom bite.

‡ગામ ત્યાં ઢેડવાડો હોયજ—Roses have their thorns. Every medal has its reverse.

‡ગામમાં પેસવાનાં સાંસા ને પટેલને ઘેર ઉનાં પાણી—Beggars and borrowers should be no choosers.

ગાયને દોહીને ગધ્ધાને પાવું—To rob Peter to pay Paul.

‡ગોળ નાંખે એટલું ગળ્યું થાય—Plenty makes dainty.

ગંજીનો કુતરો ખાય નહીં ને ખાવા દે નહીં—The dog in the manger.

‡ઘઉ ખેતમાં ને બેટા પેટમાં—To count the chickens before they are hatched.

‡ઘરડી ઘોડી ને લાલ લગામ—He has a colt's tooth yet in his old [head.

‡ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો—Charity begins at home.

ઘરનો વાઘ બ્હાર બકરી—Argus at home, but a mole abroad.

‡ઘરમાં હાંલ્લાં લડે ને બ્હાર તો લાલજી મનિયાર—He robs his belly to provide for his back.

‡ઘર વેચીને તીર્થ કરવું—To deal fool's dole.

‡ઘાંચીનો બળદ સો ગાઉ ચાલે પણ ઘેરનો ઘેર—Like a mill-horse that goes much, but performs no journey. [gets.

‡ઘી ક્યાં ઢોળાયું તો કે ખીચડીમાં—It is not lost what a friend

‡ઘી ગયું પણ ઘીનું માપ ના ગયું—Slander always leaves a slur.

‡ઘેર ઘેર માટીના ચૂલા—No family without feud. Every one has his hobby-horse. [drops of blood.

ચમડી તૂટે પણ દમડી ન છૂટે—His money comes from him like

ચ્હડે તે પડે ને ભણે તે ભૂલે—A man is liable to err.

‡ચાકરી કરે તે ભાખરી પામે—Fortune favours the strong. No pains, no gains. No sweat, no sweet. [clean.

ચાર દહાડાનું ચાંદરણું ને ઘોર અંધારી રાત—A new broom sweeps

ચાર મળે ચોટલા તો ભાંગે ઓટલા—Too many cooks spoil the broth.

‡ચિંતા કરતાં ચિંતા કઠણ—Anxiety is worse than death.

ચૂલા પર ચ્હડીને ન બેસાય—If you have too many irons in the fire, some of them will burn. [the fire.

ચૂલામાંથી નીકળી હોલામાં પડવું—Out of the frying-pan into

‡ચોરનારની ચાર ને જોનારની બે—The wolf eats of what is counted.

ચોરને પોટલે ધૂળની ધૂળ—Virtue is its own reward. Virtue will shine at last. Frost and fraud both end in foul.

ચોરનો ભાઈ ઘંટીચોર—Set a thief to catch a thief.

ચોરીની ચોરી ને સ્હામે સિરજોરી—Roguery supplants justice.

‡ચોરીનાં હાંલ્લાં સીકે ન ચઢે—Ill gotten goods seldom prosper.

ચોરીનો માલ ચંડાળે જાય ને પાપી હાથ ઘસતા જાય—Ill got, ill spent. Evil got, evil spent. [his own geese swans.

છગન મગન તો સોનાનાં, ને પારકાં છોકરાં ગારાનાં—Every one thinks

‡છાણના દેવ ને વાલની આંખ—Like saint, like offering.

છાણનો કીડો ઘીમાં મરે—Sad souls are slain in merry company.

જટા ધરે જગદીશ મળે તો વડલા વંકુડ પામે—It is not the cowl that makes the friar. [roast.

‡જર ચાહે સો કર—Money makes the mare go. Riches rule the

જર દેખીને મુનીવર ચળે—A bribe in the lap blinds one's eyes.

જાગે તેનો પાડો, ને ઉંઘે તેની પાડી—A sleeping cat catches no mice.

જાનમાં કોઇ જાણે નહીં ને વરનો બાપ હું. પીવા પુમડું પાણી નહીં ને મારૂં નામ દરિયાવખાં—He has neither house nor family and the gentleman is called a housekeeper.

જે જેમ ધાયો તે તેમ પાયો—Every one to his liking.

જેણે મુકી લાજ તેને નાનું સરખું રાજ—He that has no shame has no conscience. [jaundiced eye.

જેની આંખમાં કમળો હોય તે કમળો દેખે—All looks yellow to the

‡જેની ઘંટીએ બેસીએ તેનાં ગીત ગાઈએ—It is an ill guest, who never drinks to his host. [given it must be fulfilled.

‡જે મ્હોડે પાન ચાવ્યાં તે મ્હોડે કોયલા કેમ ચવાય ?—If a promise be

‡જેવાં ભાઇનાં મોસાળાં તેવા બેનનાં ગીત—Like for like, and Nan for Nicholas. Tit for tat.

‡જ્યાં મળી રોટી ત્યાં પડયા આળોટી—Wasps haunt the honey pot. Wheresoever we live well, that is our country.

ઝાઝા મળે ને ખાવા ટળે—Everybody's business is nobody's business. [than a great deal with anxiety.

ટાઢા લોહીનો સૂકો રોટલો સારો—Better is a little with ease

‡ઠીકરી ઘડાને ફોડે—A small leak will sink a large ship.

‡ડોઠ નિશાળીયાને વતરણાં ઘણાં—A bad workman quarrels with his tools. [than precept.

‡ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ દે—Example is better

‡ડાહ્યો દીકરો દેશાવર ભોગવે, ડાહી વહુ ચૂલામાં પેસે—All lay the load on the willing horse.

‡ડુંગરા દૂરથી રળીઆમણા, પાસે જાય તો બિહામણા—It is distance that lends enchantment to the view. [a low foundation.

‡ઢમઢોલ માંહે પોલ—Great cry, little wool. A large building,

‡તરત દાન ને મહા પુણ્ય—A bird in the hand is worth two in the bush. He giveth twice that giveth in a trice.

તાજે ઘાએ બધુ થાય—A green wound is soon healed.
‡તેજીને ટકારો, ગધેડાંને ડીફાં—A word to the wise is sufficient. A nod for a wise man, a rod for a fool.
તેના ટાંટીઆ તેનાજ ગળામાં—He is caught in his own trap.
‡થોડા બોલુ ને થાંભલા ફોડુ—Beware of a silent dog and still water. Still waters run deep. [and fraud both end in foul.
‡દગા ફીસીકા સગા નહીં—Cheating play never thrives. Frost
દમડી દમડી કરતાં રૂપિયો થાય—Many a mickle make a muckle.
દયા ડાકણને ખાય—Mercy but murders pardoning those that kill.
‡દરિયામાં રહેવું ને મગર સાથે રૂશણું—It is hard to live in Rome and quarrel with the Pope.
‡દાઝ્યા પર ડામ ને પડ્યા પર પાટું—Salt to a sore. To a fallen tree all go with their hatchet. [lasting memory.
દાટ્યા ભૂલે પણ લખ્યા ન ભૂલે—Setting down in writing is a
‡દામ કરે કામ ઓર બીબી કરે સલામ—Money makes the mare go.
દાવ આવે ત્યારે સોકટી મારીએ—Strike the iron while it is hot.
દુકાળમાં અધિક માસ—Woe to the vanquished.
‡દૂધનો દાઝેલો છાશ ફૂંકી ફૂંકીને પીએ—A burnt child dreads the fire.
દૂધ પાઇને સાપ ઉછેરવો—Clouds that the sun builds up darken him. [little worth.
‡દેખનેમેં ઢબુ ઓર ચલનેમેં સિવરાઇ—An imposing exterior, but
‡દેખવું નહીં ને દાઝવું નહીં—Out of sight, out of mind. Unseen, unrued.
‡દેશ તેવો વેશ—In Rome do as the Romans do.
‡દોરડી બળે પણ આમળો ન જાય—What is bred in the bone, will never come out of the flesh. [thrive.
‡ધણી વિનાનાં ઢોર સૂનાં—The master's eye makes the horse
‡ધરમની ગાયને દાંત કેવા જોવા ?—Look not a gift horse in the mouth. [no moss.
ધોબીનો કુતરો નહીં ઘરનો ને નહીં ઘાટનો—A rolling stone gathers
ધોળું એટલું દૂધ નહીં—All that glitters is not gold.

‡નદી પછવાડે ઓવારા છેજ—Every sore hath its salve. Every gap hath its bush. [wife.

નબળો માટી બૈયરપર શૂરો—A coward husband is a hero to his

ન બોલ્યામાં નવ ગુણ—Silence is golden. Silence is the best virtue.

‡નરેણી તે નખજ કાપે—A fog cannot be dispelled by a fan.

‡નવરો બેઠો નખોદ ઘાલે—An idle man tempts the devil. Doing nothing is doing ill. An idle brain is devil's workshop.

‡નવી નારંગી નવ દહાડા—A new broom sweeps clean.

‡નશીબ ચાર ડગલાં આગળનું આગળ—The more I try, the farther I am off. [nothing. Better late than never.

‡નહીં મામા કરતાં કહેણા મામા સારા—Something is better than

નાગો નહાય શું અને નીચોવે શું ?—Beggars can never be bankrupts.

‡નાચવું ન હોય ત્યારે આંગણું વાંકું—Unskilful workmen quarrel with their tools. [than a foolish friend.

નાદાનકી દોસ્તી ઓર જીવકા જાન—Better to have a wise enemy

‡નામ મોટા ને દર્શન ખોટા—An imposing exterior, but little worth.

‡નામીચો ચોર માર્યો જાય—Once a thief, always a thief.

નાળનાં ગાડાં કંઈ નાળમાંજ અટક્યા રહે છે ?— If you do not do it, somebody else will do it. [lay load on the willing horse.

‡નીચી બોરડીને સૌ ઝૂડે—Every one is a pilot in a calm sea. All

‡નીવડે વખાણ—The proof of the pudding is in the eating.

‡પગ જોઇને પાથરણું તાણો—Cut your coat according to your cloth.

‡પડ્યા તો નમસ્કાર વળ્યા—To make a virtue of necessity. [him.

પથ્થર પર પાણી—You will end him, but you will not mend

પહેલું સુખ તે જાતે નર્યા—Health is wealth.

‡પહેલે દહાડે પરોણો, બીજે દહાડે પઈ, ત્રીજે દહાડે રહે તેની અક્કલ ગઈ—Fresh fish and newcome guests smell when they are three days old.

‡પાઘડી પહેરે માટીડો ન થાય—All hoods make not monks.

‡પાડાની લડાઈમાં ઝાડનો ક્ષય—The poor do penance for the follies of their superiors. Great fishes eat up the small.

પાણી પહેલાં પાળ બાંધવી—Prevention is better than cure.

પાણી વલોવી માખણ ન પામીએ—You cannot have blood out of a stone. [well breaks at last.

‡પાપનો ઘડો ફુટ્યા વિના રહે નહીં—A pitcher that often goes to the

પારકી આશ સદા નિરાશ—Commit not to another what you can better do yourself.

‡પારકે પૈસે દીવાળી—Cocks make free of horses' corn.

‡પાળેલો કુતરો પગ ચાટે—A full fed horse kicks his own master.

‡પીછોડીમાં પાંચશેરી ઘાલીને મારે તે ખોટો—Beware of a silent dog and still water. [his followers.

‡પીરનો મહિમા મુજાવર વધારે—The leader's glory is magnified by

‡પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય—Coming events cast their shadows before. The child is father to the man. Childhood shows the man.

પેટને પૂરાં નહીં ને ઝોટીંગને વડાં—Charity begins at home.

‡પોતાની માને કોઈ ડાકણ ન કહે—Every cook praises his own broth. Nobody calls himself a rogue.

પોત પોતાનાં ગીત સૌ ગાય—Every one blows his own trumpet.

‡પોથીમાંનાં રીંગણાં—It is easy preaching to the fasting with a full belly. [God.

પંચ કહે તે પરમેશ્વર—The voice of the people is the voice of

પાંચ આંગળે પહોંચો સબધો—Union is strength.

‡પાંચ સાતકી લકડી ઓર એકકા બોજ—Many hands make light work.

પાંચે આંગળીઓ કાંઈ સરખી હોતી નથી—Black sheep in every flock.

પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય—Though you drive out nature with a stick, yet she will return. What is bred in the bone will never come out of the flesh.

‡ફરે તે ચરે બાંધ્યો ભૂખે મરે—The hand of the diligent maketh rich, but the soul of the sluggard hath nothing.

ફૂલ નહીં ને ફૂલની પાંખડી—Something is better than nothing.

બકરૂં કાઢતાં ઉંટ પેસે—All grasp, all lose.

‡બળતું ઘર ભાડે ન લેવું—Do not buy a pig in a poke.

બળે ન થાય તે કળે થાય—Knowledge is power.

‡બાપ જેવા બેટા ને વડ જેવા ટેટા—Kith after kind. Like father, like son. As is the tree, so is the fruit.

‡બે આંખની શરમ—Out of sight, out of mind.

‡બે ઘરનો પરોણો ભૂખે મરે—Between two stools you come to the ground. No man can serve two masters.

‡બેની લડાઈમાં ત્રીજો ખાઈ જાય—When two dogs strive for a bone the third runs away with it.

બેસીએ જોઇ તો ઉઠાડે નહીં કોઈ—Sit in your place and none will make you rise. [smoke without fire.

‡બે હાથ વગર કંઇ તાળી પડે ?—It requires two to quarrel. No

‡બોલે તેના બોર વેચાય—A dumb man never gets land. A close mouth catches no flies. [perfect.

ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય—Practice makes a man

ભણ્યો ભૂલે ને તારો ડૂબે—Good swimmers are oftenest drowned. Homer sometimes nods.

‡ભરતીમાં ભરવું—To carry coals to Newcastle. To carry owls to Athens. To carry spices to India.

‡ભરમ ભારી ને ખીસ્સા ખાલી—Great show and empty pockets. Great boast, little roast. [man.

‡ભાગ્યશાળીને ભૂત રળે—Every thing comes of itself to a fortunate

‡ભાંગી હાંલ્લી કંઈ ચૂલે ચઢે કે ?—A cracked bell will never sound well. An empty bag can never stand upright.

‡ભેંસ આગળ ભાગવત—Cast not pearls before swine. Waste not your lungs in convincing fools.

‡ભેંસ પહેલા ખુંટો—To reckon without one's host.

‡ભેંસ ભાગોળે ને ઘેર ઝડાકા—Sell not the bear's skin before you have caught him. [was born.

‡ભોંયના પડ્યા કંઈ ભોંય રહેવાના ?—No man lives so poor as he

‡મન ચંગા તો કથરોટમેં ગંગા—It is not the cowl that makes the friar. A clear conscience is the best divinity.

‡મન હોય તો માળવે જવાય—Where there is a will, there is a way. Nothing is impossible to a willing mind.

મફતના મરી કંઈ તીખાં લાગે ?—The wholesome meat is at another's cost.

મફતનું ખાવું ને મસીદે સુવું—He is as free as the wind.

મરજી પ્રમાણે થતું હોય તો સઘળાએ પાલખીએ બેસીને ફરે—If wishes were horses, beggars would ride.

મરતાને સૌ મારે—If a man once fall, all will tread upon him.

માગ્યા વગર માએ ન પીરસે—A close mouth catches no flies.

માથા કરતાં મણીકો ભારે—His head is too big for his body.

માથું આપે તે મિત્ર—A friend in need is a friend indeed.

માથે પડી વિશ્વદેવા—Necessity is the mother of invention.

મારે તેની તરવાર—Might is right.

‡મીયા માંદા પણ ટંગડી ઉચી—His prosperity is fled, but his pride remains.

મીણનો પણ માટી—Revere your superiors.

મુઆ નહીં ને ભૂત થયા—It is all one and the same thing.

‡મુખમેં રામ, બગલમેં છૂરી, ભગત ભયે પણ દાનત બૂરી—God in his tongue, and devil in his heart.

‡મોટા એટલા દર્શને ખોટા—The finest shoe often hurts the foot.

મોરના ઇંડાં કંઇ ચીતરવાં પડે ?—Good wine needs no bush.
A good face needs no paint.

મ્હો જોઇને ટીલું કરવું—Fortune goes by favour.

મ્હોમાં આવેલો કોળીઓ પાછો જાય—There's many a slip betwixt the cup and the lip.

રજનું ગજ ને વાતનું વતેસર—To make a mountain of a molehill.

રાઇના પાડ રાતે વહી ગયા—Every rogue is at length outrogued.

રડતો જાય તે મુવાની ખબર લાવે—A crow was never the bearer of good news.

રાજાને ગમતી રાણી ને છાણાં વીણતી આણી—Fair is not fair, but that which pleaseth.

રાતે વહેલા જે સુઈ, વહેલા ઉઠે વીર;
બળબુદ્ધિ ધન બહુ વધે, સુખમાં રહે શરીર.—Early to bed, and early to rise, makes a man healthy, wealthy, and wise.

રંગના તે ચૂટકા, કુંડા ન હોય—Excessive merriment is the mother of grief.

રાંધે કોઈ ને જમે કોઈ—God cures and the doctor takes the fee.

લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હો ધોવા ન જવું—Make hay while the sun shines. When the pig is proffered, hold up the poke.

He who will not, when he may;
When he will, he shall have nay.

‡લખ્યા લેખ મીટે નહીં—There is no flying against fate. [of it.
‡લાગે તો તીર નહીં તો તુક્કો—I will either make a bolt, or a shaft
લીલા વનના સૂડા ઘણા—Friends are plenty when the purse is full.
લુહારવાડે સોય વેચવા જવું—To carry coals to Newcastle.
‡લેને ગઈ પૂત ઓર ખોઈ આઈ ખસમ—All grasp, all lose. Many go for wool, and come home shorn. The camel going to seek horns lost his ears.
‡વખતનાં ગીત વખતે ગવાય—Yule (Christmas) is good on Yule eve.
‡વખાણી ખીચડી દાંતે વળગી—A full fed horse kicks his own master.
‡વરને કોણ વખાણે તો વરની મા—Every man thinks his own geese swans. The raven thinks her young ones the fairest.
વર મરો કે કન્યા મરો, ગોરનું તરભાણું ભરો—Plough or not plough, you must pay your rent.
‡વહેલો તે પહેલો—First come, first served. [road to learning.
‡વળી કોઈ માના પેટમાંથી શીખી નીકળે છે?—There is no royal
વાડ વગર વેલો ન ચહડે—No flying without wings. [have ears.
વાડ સાંભળે, વાડનો કાંટો સાંભળે: વા વાત લઈ જાય—The very walls
‡વાણીઓ સાંચે પળી પળી ને રામ લડાવે કુપ્પા—Ever spare, ever bare.
વાવે તેવું લણે—As you sow, so shall you reap.
વિનાશકાળે વિપરીત બુદ્ધિ—Pride goeth before destruction.
વૈદનો વેરી વૈદ—Two of a trade seldom agree. [sharp spur.
‡વાંકી આંગળી વિના ઘી ન નીકળે—A restive horse must have a
‡વાંદરાના હાથમાં નિસરણી આપવી—To hold a candle to the devil.
‡શીરા સારૂ શ્રાવક થવું—To adopt new views for loaves and fishes.
‡શૂળિનું વિઘ્ન કાંટે ગયું—A stumble prevented a fall. [come.
‡શેઠ આવ્યા તો કે નાંખો વખારે—A constant guest is never wel-
શેઠ ગયા કે ચાકરોને મઝા—When cats are away mice are at play.
શેઠના સાળા સો થવા જાય—A full purse never lacks friends. Every one is kin to the rich.
શેરને માથે સવા શેર—Measure for measure.
સગું સોનું અને પ્રીત પિત્તળ—Blood is thicker than water.

સઘળામાં માથું મારે તે બધામાંથી રહે—Jack of all trades is master of none. [crow's cursing.
સતી શ્રાપ દે નહીં ને શંખણીનો લાગે નહીં—Cattle do not die by
સમયે સૌ શોભે—Every thing is good in its season.
‡સમુદ્રમાં તરીને ખાબોચિયામાં ડૂબવું—To swallow a whole ox and be choked with the tail. [sails.
સમે વરતે સાવધાન—As the wind blows, so you may set your
સરાધ (શ્રાદ્ધ) સાર કે બાપ બતાવ—Do not beat about the bush, come to the point at once.
‡સવાયાની ડોસી ને ઢબુ મુડામણ—The loss exceeds the gain.
‡સાચને ન આવે આંચ—A clear conscience can bear any trouble.
સાઠી ને બુદ્ધિ નાઠી—Old age is a second childhood.
‡સાત સોયાણીએ વેતર વંઠે—Too many cooks spoil the broth.
સાત સાંધે ને તેર તૂટે—The more I try, the farther I am off.
‡સાસ ત્યાં લગી આશ—While there is life, there is hope.
સુખના સાથી, દુઃખના વેરી—Prosperity gains friends, and adversity tries them.
‡સુખે સોની દુઃખે રામ—In prosperity gold, in adversity God.
સુડી વચ્ચેનું સોપારી—Between the hammer and the forge.
‡સુતારનું ચિત્ત બાવળીએ—A cat always dreams of mice.
સૂતેલા સિંહને જગાડવો નહીં—Let sleeping dogs lie.
સો ગરણે ગાળીએ ત્યારે એક વાત કરીએ—Think twice before you act once. [you will bring on the scholar.
સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ઘમ ઘમ—Lay on the rod and
સોડ પ્રમાણે સાથરો—Cut your coat according to your cloth.
‡સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો—Every man has his own turn. Every dog has his day. [hundred of the fox.
‡સોનીના સો ને લુહારનો એક—One shift of the cat is worth a
સોનું જોઇએ કસી ને માણસ જોઇએ વસી—Judge not of men or things at first sight. [company he keeps.
સોબતે અસર ને તુખમે તાસીર—A man is known by the
‡સોમણ તેલે અંધારૂં—It is dark under the lamp.

‡સોમવતી અમાસ ને શુક્રવાર—The greek Kalends.. Two Sundays never come together.

‡સૌ પોતપોતાનાં ગીત ગાય—Every cook praises his own broth.

સંઘર્યો સાપ પણ કામનો છે—Keep a thing for seven years, and you will find a use for it.

‡સાંભળીએ જનનું, કરીએ મનનું—Hear all, but follow thine own counsels. Give every one thine ear, but few thy voice.

‡સુંઠને ગાંગડે ગાંધી ન થવાય—One swallow does not make the spring.

‡હરખાને ઠેકાણે પરખો ના પરણાવતા—Put the saddle on the right [horse.

હરામનો માલ પચે નહીં—Cheating play never thrives.

‡હાથ ચાટે કંઇ પેટ ન ભરાય—A fog cannot be dispelled by a fan.

‡હાથનાં કર્યાં હૈયે વાગે—Evil to him who evil thinks. As you sow, so shall you reap.

હાથમાં આવ્યું તે ખરૂં—A bird in the hand is worth two in the [bush.

હાથે કરીને પેટમાં પાળી ન મારો—Let not your tongue cut your throat.

હિંમતે મરદા તો મદદે ખુદા—Heaven helps those who help themselves. Fortune favours the brave.

‡હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા—Commit not to another what you can better do yourself. It is better to do a thing ourselves than entrust it to others.

‡હૈયે તેવું હોઠે—As we think, so we speak.

CHAPTER XIII.

IDIOMS AND IDIOMATIC EXPRESSIONS.

In Gujarati, as in any other language, one and the same word enters into so many idiomatic constructions, the usual idioms are so numerous, and the colloquial expressions in everyday use are so many, that it is greatly inconvenient—nay, almost impossible–to treat the subject in a way to exhaust it. We shall, in this chapter, try to point out merely the important parts, leaving aside the minor details, and shall skrike out a course of treatment of our own on a basis similar to that of English idioms.

409.— Idiomatic Uses of Nouns.

એકડો.

એકડો આપવો—to consent to a proposition by appending one's signature to it.

એકડો કરવો—to write down one's signature.

એકડો કાઢી નાંખવો—to disregard (a man): મ્હારો એણે એકડોજ કાઢી નાંખ્યો.

એકડો લેવો—to get signatures of other persons.

એકડા વિનાનાં સો મીડાં ખોટાં—(used metaphorically).

આંખ.

આંખ આવવી-રહડી આવવી-દુઃખવા આવવી—to suffer from [eyesore.

આંખ કહાડવી—to look angrily at a man.

આંખ તરવી—on account of intoxication or fever.

આંખ ફરકવી—winking of the eye (that of the *right* eye being considered auspicious to males, while that of the *left* eye to females).

આંખ ફરવી—on accotint of anger.

આંખ ફેરવવી—to be angry; to look angrily.

આંખ ચોરાવવી—to cheat or deceive some one.

આંખ મારવી—to make some signs; to ogle.

આંખે આવવું—**આંખમાં** આવવું—to be jealous of a thing.

આંખ ચોરાવીને જતા રહેવું—to pass off secretly—without being at all noticed.

આસન.

આસન પાડવાં—to draw columns on a paper.

આસન આપવું—to provide with a seat.

આસન માંડવું—to arrange for one's seat.

આસન મૂકવું—ચાંદાં વગેરે ઉપર માખી અધાર મૂકે છે જેમાંથી જીવડાં ઉત્પન્ન થાય છે તે.

કંઠ.

કંઠે પ્રાણ આવ્યા—was on the point of death (also metaphorically: એને પાંચ રૂપિઆ આપતાં તો **કંઠે પ્રાણ આવ્યા**, પણ શું કરે ? [આપવા પડ્યા).

કંઠ ફૂટવો—ઘાંટી ફૂટવી (જુવાની આવતાં).

—પક્ષી (પોપટ જેવા) ને કાંઠલો આવવો.

કંઠ બંધ થવો—not to be able to breathe freely.

કદ.

એ માણસનું **કદ** પોષાય એમ નથી—His external appearance does not command respect.

તમે તમારા **કદમાં** રહો તો સારૂં—Better if you preserve your own self-respect.

કપાળ.

કપાળ ફૂટવું—to beat the forehead.

—to trouble one's self a great deal: એને કંઇ સમજ તો પડતી નથી, તમે એની સાથે ક્યાં સુધી **કપાળ ફૂટશો** ?

કપાળ ફૂટવું—તે પડી ગયો અને તેનું કપાળ **ફૂટ્યું** (was fractured).—**ઘર ફૂટ્યું તેનું કપાળ ફૂટ્યું**. (The house in which there are always family quarrels, is in a very miserable condition).

કમર.

કમર કસવી—to gird up one's loins.

કમર ભાંગી જવી—to be thoroughly disappointed.

કમરનો ભાંગેલો—who cannot sit upright.

કમરમાં જોર રાખવું—not to be discouraged.

કમરનો ઢીલો—wanting in courage; coward.

કલમ.

કલમ કરવી—ઘડવી—to prepare a writing-pen by mending a reed.

કલમ રોપવી—ઝાડની ડાળી કાપી ભોંયમાં રોપી દેવી.

એની કલમ સહુજ સાબીત—his composition is very powerful.

એની કલમ કંઈ જૂદીજ છે—he has a peculiar way of painting or writing.

(કોઈની) **કલમ કાપવી**—to disregard a man or to set him aside in such a way that he feels it sorely.

કાટલું.

કાટલાં કરવાં—to make one lose something. જાણીતા વેપારીના હાથમાં અજાણ્યાના **કાટલાં થયાં** વિના રહેજ નહિ.

કાટલું કઢાવવું—to do away with; to destroy (a person).

કાન.

કેટલો વખત થયાં ઘરનો વીમો ઉતરાવવાનું એને કહીએ છીએ, પણ એના કાંઇ **કાન ઉઘડતા નથી**—(he does not mind it).

કાન ઉઘાડવા—to give intimation.

કાન પર હાથ મ્હેલવા—to wash one's hands clear of a matter, to show perfect ignorance about it.

કાને હાથ મુકવા–દેવા–રાખવા } to refuse to listen to a man;
કાનેથી કાઢી નાંખવું } to disregard what he says.

કાન ફૂંકવા—to instruct (properly or improperly.)

કાન ફૂંકવા –ભરવા–ભંભેરવા—to poison one's ears.

કાન ફૂટી જવા—to be deaf or pretend to be deaf.

કાન પકડાવવા—to point out another's mistake; to surpass.

કાન પકડવાની વાત—an event which teaches us some lesson.

કાન દેવા–માંડવા—to hear attentively.

કાનનું કાચું—who cannot hear everything distinctly, a little deaf.
—easily led astray by believing every thing; credulous.

કાન ફફડાવીને ઉઠવું—to get up and shake off all sleepiness.

કાને પડવું—to hear something.

કાનોકાન—personally: મેં એ વાત કાનોકાન સાંભળી છે.

આંખ આડા કાન કરવા—to disregard or evade the point; to connive at it.

કામ.

કામમાં કામ—કામ ભળતું કામ કરી લેવું—to kill two birds with one stone.

કામ લાગવું—to be of some use; to be useful or serviceable.

કામે લાગવું—to begin work.

કામ કહાડી લેવું—to effect one's purpose very artfully.

કાળજું.

કાળજું ઠંડું થયું—was perfectly satisfied.

કાળજું બળી ગયું—was very much grieved.

કાળજું ફૂટકી ગયું—ખસી ગયું—(he) is gone mad.

કાળજાનું નર્યું—very careful; cautious; in proper senses.

કાળજાંની કોર—dear to one as one's own life.

કૂચો.

એણે એ વિષયનો કૂચો કરી નાંખ્યો છે—he has mastered the subject thoroughly well.

એ વાતનોજ કૂચો કરશો કે બીજી કરશો ?—will you be always speaking of the same thing or be giving us something new [now ?

કૂચો કરવો—to speak ill of; to slander.

ખબર.

ખબર કહાડવી—to inquire; to get some information.

ખબર લેવી—to inquire after one's health.
—to severely reprimand.

ખબર રાખવી—to keep one's self informed of what happens; to look after.

ખબર આપવી—કરવી—to give information.

ખબર લાવવી—to bring some new information.

ગમ.

પેલી ગમ બેસો—sit on that *side.*

મ્હને કંઈ એમાં ગમ પડતી નથી—I can make out nothing of it; I cannot understand it.

તે ગમ ખાઈ ગયો અને સામો જવાબ આપ્યો નહીં—bore it calmly and quietly—passively.

ઘર.

ઘર ભાંગ્યું—on account of constant family quarrels.
—on account of the death of some chief member in a family.
—to bear a great amount of loss: ભાઈ, ત્હારો તો ધાડવો ભાંગ્યો પણ મારૂં તો આખું ઘર ભાંગ્યું.

ઘર મારવું—to steal; to rob. [ઘાલ્યું છે.
ઘર કરવું—ઘાલવું—to be firmly rooted; એનામાં રોગે ઘર
ઘર માંડવું—to begin worldly life.
ઘર ચલાવવું—to manage the affairs of the household.
ઘર બેસવું—to be in a declining condition.
—on account of all the members dying out, and thus the whole family coming to an end.

ઘર ફોડવું—to bribe some member of the household to effect one's purpose.

ઘર ફૂટે ઘર જાય—disunion in the family is the root of all evil—brings about the fall and ruin.

ઘર ફોડવું—ફાડવું—to break into a house for stealing.
ઘરવાળો—an epithet for a husband.
ઘરવાળી—an epithet for a wife.
ઘરનો સુખી—who can maintain himself and his family without any difficulty; who is never pinched for the necessaries of life.

ઘાટ.

સોની ઘાટ ઘડે છે—the goldsmith is preparing some ornament. [of ?
કેમ, બેઠા બેઠા શું ઘાટ ઘડો છો?—what have you been thinking
ઉભો રહે, હું તારો ઘાટ ઘડું છું—I mean to punish you severely.
છ જણે મળી અભિમન્યુનો ઘાટ ઘડી નાંખ્યો—killed him.
સાતેક હરામખોરોએ મળી તેનો ઘાટ ઘડી નાંખ્યો—robbed him.

ઘાણ.

ભજીઆનો ઘાણ—the quantity fried every time.
ઓચિંતો ધસારો થવાથી લશ્કરનો ઘાણ નીકળી ગયો—many persons were killed. [by his arrival.
એ આવ્યો ને બધો ઘાણ બગાડયો—the whole thing was spoiled

છાતી.

વેપારમાં **છાતીની** જરૂર છે—bold and enterprising spirit.

છાતી કહાડી ચાલવું—to walk straight and upright with vigour and courage; to walk with a bold front.

છાતી કૂટવી (શોકમાં)—to beat one's breast (in grief).

છાતી ફાટી જવી—to be extremely grieved and embarrassed by sudden and unexpected calamity.

છાતી ભરાઈ આવવી—to be on the point of weeping.

છાતી તોડવી—**છાતી** તોડ કામ કરવું—to work very hard.

છાતી ઠોકીને કહેવું—to assert something with confidence.

છાતી પર હાથ મૂકવો—to console; to condole.

છાતી પર બેસવું—એ તો મ્હારી **છાતી પર બેઠો** છે; કંઇ રળતો કમાતો નથી અને ઘરનું ખાઇને ખોટું કરે છે.

છાતી બાળવી—to be jealous; to feel pity for.

છાતીએ ધરવું—to press to one's bosom through affection.

છાતી ઉંચી આવવી—to be perfectly delighted—satisfied.

છાતી ચલાવવી—to undertake (to do a thing) boldly.

છાતીવાળું—courageous; enterprising.

જીભ.

તેની **જીભ** ઘણી લાંબી છે—he speaks out anything without considering the consequences.

તેની **જીભ** સખણી રહેતી નથી—he speaks out anything he likes.

તે **જીભનો** છૂટો છે—he uses abusive language very much.

જીભને કાંઈ હાડકું નથી—there is no bone in our tongue, so it can be bent in any direction we like, *i. e.* it may speak out good things as well as bad things.

જીભ હલાવવી—to say a word: માત્ર **જીભ હલાવે** તો કામ થાય.

જીવ.

એ વાતમા કંઈ ઝાઝો જીવ જણાતો નથી—use or importance.

તેનામાં હવે જીવ નથી કે ત્હારા સામા થાય—strength, power.

હાલમાં તે જરા જીવવાળો ગણાય છે—rich, well-to-do.

તેને માટે મ્હારો જીવ અડધો અડધો થઇ જાય છે—too eager and anxious to see him.

જીવ આપવો—to sacrifice one's self; to commit suicide.

ત્હારે માટે તે જીવ આપવા તૈયાર છે—he is ready to undertake anything for your sake.

ત્હારે માટે તે જીવ તોડયા કરે છે—he is very anxious to see you.

જીવ ઉડી જવો—to lose heart; to have no hopes; to be embarrassed.

જીવ ખાઇ જવો—to trouble one every now and then.

જીવ લઇ નાસવું—to run for life.

એવું કામ કરવાને મ્હારો જીવ ચાલતો નથી—I am not inclined or have no courage to do such deeds.

જીવ ઠેકાણે ન હોવો—ન રહેવો—to be perplexed.

જીવ તાળવે ટંગાઇ રહેવો—to be in a state of great anxiety.

જીવ હેઠે બેસવો—to be free from anxiety and care.

જીવ ફરવો—to feel giddiness.

એની પાસે કંઇક જીવ થયો છે—he has laid by some wealth.

એ ગયો ત્યારનો મારા જીવ ઉંચો થતો— રહેતો હતો—I felt much anxiety for him.

(કોઇના) જીવ પર બેસવું—to depend on others for every-[thing.

જીવ ટુંકો થયો—became less liberal than before.

દમ.

દમ લેવો—ખાવો—to take some rest.

દમ લેવો—to tease and trouble: એ તો મ્હારો દમ લેશે.

દમ મારવો—to wait a little. [ગુન્હો કબુલ કર્યો.

દમ દેવો—to take to task: પોલીસે ખુબ **દમ** **દીધો** ત્યારે

દહાડો.

હાલ એનો **દહાડો** સિકંદર છે—his star is in ascendance.

એના **દહાડા** વાંકા છે—(the converse of the above.)

એનો દાદો મરી ગયો તેનો **દહાડો** પાણી ક્યારે થવાનો છે?—Feasts and caste dinners to be given after the demise of a person.

નાક.

નાક જવું—**કપાવું**—to lose one's honour and respect.

નાક કાપવું—to insult and dishonour a person by acting in such a way that he feels it bitterly.

નાક નીચું થવું—to be humbled or humiliated.

શું **નાક** લઇને મ્હારી સાથે બોલતો હશે?—with what face? does he not feel ashamed?

પગ.

પગ આવવા—to learn to walk.

પગ થવા—to disappear suddenly.

પગ ઉડાવવા—to walk quickly.

પેટમાં **પગ** હોવા—to be very cunning.

પાઘડી.

પાઘડી બંધાવવી (કોઇની પાસે)—to have a turban folded for putting it on.

પાઘડી બંધાવવી (કોઇને)—to honour him. [opinions.

પાઘડી ફેરવી બાંધવી—to be insolvent; to change one's

પાણી.

પાણી ભરાઇ જવા—ઘણા સોજા આવવા ને મરવાની તૈયારીમાં હોવું.

પાણી ભરાવવું—મદ ઉતારવો; હરાવવું.

પાણી જવું—ટેક અથવા આબરૂ જવી. [power.

પાણી જોઈ લેવું—to see or measure one's strength or

પાણી છાંટવું—to cool down.

પાણી મૂકવું—to swear not to do a certain thing.

પાણી ફરી વળવું—the whole thing coming to nothing, all the trouble being lost.

પાણી ફેરવવું—કર્યું કરાવ્યું ધૂળ મેળવવું : બાપની લાખ રૂપીઆની દોલત ઉપર એ દિકરાએ **પાણી** ફેરવ્યું.

પાણી લાગવા—to incur some disease on account of the waters of a certain place not suiting one's constitution and health.

પાણી પાણી થઇ જવું—to perspire much owing to hard work; to submit mildly being severely rebuked.

પાણી છૂટવું–સારૂં સારૂં ખાવાની વાતોથી મ્હારા મ્હોમાં **પાણી** છૂટે છે.

પાણીથી પાતળું કરવું—to take a man to task so severely that he is unable to say a word in return.

લોહીનું **પાણી** કરવું } to exert one's self too much with-
લોહી **પાણી** એક કરવાં } out much caring for the effect.

ઉંડા **પાણી**માં પેસવું—to undertake to do some hard work.

પાણીને મૂલે—at a very small price; for a trifle.

પાપ.

એના પેટમાં **પાપ** છે—કપટ. [incurs some sin.

છોને તે મ્હારી નિંદા કરતો, મ્હારૂં **પાપ** ધોવાય છે—he himself

પાપ ગયું—good that he is gone—dead.

પેટ.

પેટ ચોળીને શૂળ ઉપજાવવી—જાણી જોઇને હાથે કરીને દુઃખ હોરી લેવું.

પેટમાં પેસી નીકળવું—to know one's secrets.

પેટમાં રાખવું—to keep a thing secret.

એનું પેટ મોટું છે—he keeps secrets to himself—does not give them out.

પેટમાં રોગ હોવો—મનમાં કપટ રાખી વાત કરવી.

પેટ ભરવું—to maintain one's self.

હું પૈસા ખરચું છું તેમાં ત્હારા **પેટમાં** કેમ દુખે છે ?—why are you troubled by it ? why can you not bear it calmly ?

પેટ ચ્હડવું—on account of indigestion.

પેટ બાળવું—not to feed one's self properly.

પેટ તણાવું—on account of eating very much (more than the usual quantity.)

પેટને ભાડું આપવું—to eat something to keep one's self free from starvation—to keep body and soul together.

પેટનું છોકરૂં—one's own child.

પેટ પૂર—sufficient for one's self.

પેટ ખોલી વાત કરવી—to speak out frankly and freely.

પેટમાં ભરાવું—to flatter one to gauge his mind.

ઠંડે **પેટે**—without any anxiety or concern.

પેટે પાટા બાંધવા—to fast; not to eat (generally said of a miser.)

મન

મન થવું—કરવું—to desire or wish for (something).

મન માનવું—to be satisfied so as to give one's consent.

મન મનાવવું—to gratify one so as to gain his consent.

મન ખાટું કરવું—to make one sorry.

મન ચોળવું—to be sorry.

મનમાં આવવું—to take into one's head.

મન વાળવું—કંઇક બાબત મનમાંથી કાઢી નાંખી તેને માટે દીલગીર ન થયા કરતાં શાંતિથી નિરાંત વાળવી—સંતોષી રહેવું.

મન ઉઠવું—not to like (it).

મન જોવું—to guage one's mind; to feel one's pulse.
મન પર લેવું—to pay due attention (to a subject).
મન ઉચું થવું—to be sorry; to have the tie of affection severed.
મોટા **મનનું**—liberal; charitable.

માથું.

માથું મારવું—to interfere in some affair (without any proper reason).

માથું આપવું—to undertake to do a thing even at the cost of one's head.

માથું કાપવું—to put to disgrace—break the trust.

માથું ઉંચકવું—to oppose; to stand in opposition.

માથું ઝીકવું-પટકવું-ફોડવું—to take trouble to no purpose; to cudgel one's brains to no avail.

માથું પાકી જવું—to be very much troubled or annoyed.

માથું ફરવું—to feel one's self giddy.

માથું ફેરવવું—to get enraged or angry.

માથું ભાંગવું—to surpass in rivalry.

માથું ખાઈ જવું—to trouble one by some nonsense chatter.

માથું નીકળી પડવું } to suffer from a very strong
માથાના કકડા થઈ જવા } head-ache.

માથાનો ફરેલ—self-willed; obstinate.

માથે નાંખવું—to make one responsible for.

માથે ચહડાવવું—to obey; to submit to.
—to spoil (a child) by overfondling.

માથે ચહડી બેસવું—to disobey and disregard.

માથે પડવું—to be responsible or answerable for.

માથેથી ઉતારી નાંખવું—to be free from all responsibility.

માથે હાથ મૂકવો—to bless (one).

મ્હોડું.

મ્હોડું ઉતરી જવું—to be all white and pale.
મ્હોડું આવવું—to have some inflammation in the mouth.
મ્હોડું આપવું—to say something in reply; to care for.
મ્હોડું હલાવવું—to speak something; to chew something.
મ્હોડું બંધ કરવું—to stop speaking any further.
મ્હોડું કાળું કરવું—to suffer disgrace.
મ્હોડું લાલ થવું—to win honour and fame.
મ્હોડે કરવું—to learn by heart.
મ્હોડાપર—in one's presence; not behind one's back.
મ્હોડું મલકાવવું—to smile a little; to laugh in one's sleeves.
મ્હોડું ચ્હડાવવું—to look angry or displeased.
મ્હોડે ચ્હડાવવું—to overfondle (a child).
મ્હોડે ચાંપવું— } to bribe one so as to stop all his
મ્હોડું ભરવું-દાબવું } further complaints.
મ્હોડું ભભડવું—to desire to eat.
મ્હોડું વાળવું—to weep aloud covering the face.

લોહી.

લોહી પડવું—to emit blood through any of the bodily organs.
લોહી આવવું—to gain new blood in the body.
મીઠા લોહીનું માણસ—whom we all like to associate with; sociable.
લોહીનું તરસ્યું—blood-thirsty; revengeful; vindictive.

હાડકું.

હાડકાંનો ભાંગેલો-આખો—said of an extremely idle and lazy man, who never does anything.
હાડકાંનો ખરો—diligent, and not tired of work.
હાડકાં વાળવાં—to work; to exercise one's self.

એ મ્હારા હાથની-ઘરની વાત નથી—it is not in my *power*.

મ્હારે હાથે એ કામ ન થાય—I would never do it *personally*.

એ કામમાં મ્હારો હાથ નથી—I have no *hand* in the matter; I have nothing to do with it. [*favour*.

તેના મ્હારા ઉપર ચારે હાથ છે—I am very much under his

હાથ પકડવો-ઝાલવો—to lend assistance; to take the hand in marriage: નગર લોક સૌ દેખતાં **ઝાલીશ જમણો હાથ.**

હાથ ઘાલવો—to interfere (in some affair). [signature.

હાથ કાપી આપવા—to bind one's self by giving one's

હાથ કરવો—to deal a blow; to defeat.

હાથ ખાવો—to be defeated or vanquished in a struggle.

હાથ દેખાડવો—to display one's strength to an adversary.

હાથ દાબવો—to bribe (one).

હાથ ચલાવવો—to beat; to work quickly.

હાથ ઉપાડવો—to raise up one's hand in order to beat.

હાથ ચાલવા—to beat with one's hand.

હાથ પગ ભાંગી જવા—to be so thoroughly disappointed as not to be able to do anything further.

હાથ પર લેવું—to win over (a person) to one's own side.

હાથ ચળવળવા—in order to beat or with a desire to beat.

હાથ આવવું—to find what was lost.

હાથ ઉઠાવવો—to give up one's claims.

હાથ ઉપર રાખવો—to keep up one's supremacy.

હાથ ફેરવી જવું—to steal away (something).

હાથ મારવો—to obtain something by theft or robbery or any such dishonest means.

આવવું.

ઝાડને ફૂલ **આવ્યાં**—brought forth.

આ વખત પાઘડી ઠીક ન **આવી**—not well-folded.

ઘર પડવા **આવ્યું** છે—ready to fall.

એને ડગલો બરાબર **આવતો** નથી—does not suit-fit him well.

અવાળુ **આવ્યા** છે—inflammation of the gums.

મ્હો **આવ્યું** છે—અતિશય શારીરિક ગરમીને લીધે.

આંખ **આવી** છે—suffering from eye-sore.

આવી ચ્હડવું—પહોંચવું—to come up quickly-in time.

આવી ચૂકવું—રહેવું—to be exhausted: to come to an end.

આવી જવું—to come to pay a very short passing visit.

આવી પડવું—to come all of a sudden.

આવી બનવું—to be on the point of death or destruction.

ઉઘાડવું.

વરસાદ **ઉઘડયો** છે—વરસાદે **ઉઘાડ** આપ્યો છે—It has ceased [to rain.

બારણું **ઉઘડયું**—opened.

હવે મારૂં નસીબ **ઉઘડશે** એમ લાગે છે—will be happy.

ઉડી જવું.

પાંજરામાંથી પોપટ **ઉડી** ગયો—flew away.

તેના ચહેરાનો રંગ **ઉડી** ગયો—became or turned pale.

તે તો તમને બધાને લઈ **ઉડી** જાય એવો છે—so cunning as to impose upon all of you without detection.

તેનો પગાર જોતજોતામાં **ઉડી** જાય છે—is spent away.

તડકામાં સાળુનો રંગ **ઉડી** ગયો—the colour faded away.

ઉતરવું.

અનાજનો ભાવ કંઈ **ઉતરશે** ખરો—will fall or decline.

લડાઇમાં **ઉતરવું**—to enter the lists.
નદી **ઉતરવી**—to cross a river.
તેનું મ્હોડું **ઉતરી ગયું**—became or turned pale.
છાશ **ઉતરી ગઈ**—વાસી રહેવાથી બગડી ગઈ.
એ તો વાત કરવામાં **ઉતરી** પડે છે—gets angry and quarrels.
ઉતારી પાડવું—to run down or slander a man.
એના વાળ બહુ **ઉતરી** જાય છે—fall off.

ઉતરાવવું.

મ્હારે એની નકલ **ઉતરાવવી** છે. કોઇ માણસ બતાવશો?
કુંભાર પાસે આજે દસ નવા ઘડા **ઉતરાવવા** છે.
કોઇ સ્ત્રી રાંડે તેને વાળ **ઉતરાવવા** પડે છે.
આ સ્ત્રીથી બેડું ઉંચકાતું નથી, એને જરા તે **ઉતરાવશો**?
એને તો કંઇ આવું હોય એમ લાગે છે. કોઇને બતાવી દાણાઆણા **ઉતરાવો** તો ઠીક.

ઉપડવું.

હું સ્ટેશન આગળ પહોંચ્યો ને ટ્રેન **ઉપડી**—started.
આ મરકીમાં તેનું તો આખું **ઘર ઉપડી** ગયું—all the members of the family died.
આ વખતના છાપામાં અક્ષર બરાબર **ઉપડયા નથી**—not properly printed; are a little faint for want of proper pressure.
વાત કરતાં કરતાં તે તો ખૂબ **ઉપડયો**—went on speaking with full freedom—without any check.

ઉભું કરવું

આ કામ કોણે **ઉભું કર્યું**?— who started it? with whom did it originate?
છોકરાને માસ્તરે પાટલી પર **ઉભો કર્યો**—made him stand.

પેલાની સ્હામા તેના લાયક કોઈ ન જડયો ત્યારે બધાએ મળીને મ્હને ઉભો કર્યો—persuaded, entreated, requested or asked me to confront him, to meet him boldly face to face.

ખખડાવવું.

હવે જાણ્યું ત્હારૂં ડહાપણ; રીતસર નાણું ખખડાવી દે, નહીં તો ફજેત થશે—pay off the sum due.

સારી રીતે ખખડાવ્યો ત્યારે બધી વાત કબૂલ કરી—taken to task.

ખખરવું.

આજે આંખમાં ઓસડ ખખરે છે—gives pain.

રસ્તે ગજવામાંથી રૂપિયો નીકળી પડયો ને શોધતાં કંઈ જડયો નહીં તે મ્હને બહુ ખખરે છે—I am pained to the heart to think of it.

કારી સગાનું મરણ મનુષ્યને બહુ ખખરે છે.

ખપવું.

હાલ વિલાયતી માલ બહુ ખપે છે—is much sold.

બધી પુરી ખપી ગઈ—used up.

લડાઈમાં હમારાં બધાં માણસો ખપી ગયાં ત્યારે અમે કેસરીયાં કર્યાં—were killed or destroyed.

લુચ્ચાની સાથે લુચ્ચામાં ખપે—is considered or thought.

હિંદુઓને માંસ દારૂ નહીં ખપે—cannot use these things.

ખાવું.

લાંચ ખાવી—to take or receive bribes.

તે તો જરાજરામાં ખાવા દોડે છે—gets angry and becomes peevish and quarrels.

તે મ્હારા સો રૂપિયા ખાઈ ગયો છે—does not pay the sum due.

એ તો મ્હારૂંજ ખાવા બેઠો છે—though he has no right to it.

એ કેસ તો એના હજારો રૂપિઆ ખાઈ ગયો—the suit cost him &c.



હવા ખાવા જવું—to go out for an airing or a change of climate.
કસમ ખાવા—to take an oath; to swear.
એણે છોકરીના પાંચ હજાર ખાવા લીધા.
તડકો ખાવો—to be exposed to heat.
એણે ટાઢ તડકો બહુ ખાધા છે—has seen all the vicissitudes of life.

ગળવું.

છાપરૂં બરાબર ચાળેલું ન હોવાથી ઘરમાં બહુ ગળે છે—water trickles through the tiles on account of heavy rains.

આજ મ્હારી આંખ બહુ ગળે છે—water comes out from them.

ફરી હવે ગળવા માંડી છે—આંબો હોણુ બહુ વહેલો ગળ્યો.

દૂધમાં ખાંડ બરાબર ગળી નથી—ઓગળી નથી.

આજે દાળ બરાબર ગળી નથી—સારી ચડીને એક રસ થઈ નથી.

તે શરીરે બહુ ગળાઈ ગયો—is much emaciated.

હજુ સોનું બરાબર ગળ્યું નથી—has not melted.

તે વાતજ તે ગળી ગયો—did not speak about it at all.

ચ્હડવું.

ચ્હડતું વ્યાજ—compound interest.

ચ્હડતો દિવસ—days of prosperity and plenty.

દિવસ ઘણો ચ્હડયો છે, હવે ઉઠ—it is very late in the morning.

આજે એને ભાંગ ચ્હડી હોય એમ લાગે છે—influenced by the drug.

મહાદેવને તે રોજ સો બીલ ચ્હડાવે છે—worships the god with one hundred leaves.

આજે મ્હારી આંખ ચ્હડી આવી છે—suffering from eyesore.

તમે છોકરાને બહુ ચ્હડાવ્યો—ચ્હડાવી મૂકયો છે—overfondled him, spoiled him by overfondling.

ભમર ચ્હડાવવા—to knit the eye-brows in anger.

ચાલવું.

એના હાથ બહુ **ચાલે** છે—beats one now and then.
એનું મ્હોં બહુ **ચાલે** છે—abuses every one freely.
કોઇનું **મ્હોં ચાલે** તો કોઇના **હાથ ચાલે.** [something.
એનું મ્હોં આખો દિવસ **ચાલતું ને ચાલતું**—always eating

પડવું.

એ લડાઇમાં ઘણા યોદ્ધાઓ **પડયા**—died on the battlefield.
આ ચોપડી મને આઠ આઠ આને **પડી**—cost me 8 annas each.
ગળે **પડવું**—to charge some one without any ground.
ગળું **પડવું**—to suffer from depression of the palate.
આડું-વાંકું **પડવું**—to take something amiss.

પાકવું.

હોણુ અનાજ બહુજ **પાકયું** છે. તમારો આંબો **પાકયો** કે નહીં ?
બધી કેરી સામટી **પાકી** ગઈ. તેનું ગોડ આજે દશ દિવસે **પાકયું.**
એમાં ત્હારૂં કાંઇ **પાકયું** ?—did you get anything by it ?
હવે એ વાત બંધ કરો, મ્હારૂં તો માથું **પાકી** ગયું—I am very much troubled by it.
સૌ થાકશે ત્યારે **પાકશે**—will submit. [discounting it.
હુંડી **પાકવાની** તારીખ કઇ છે તે તમે જાણો છો ?—the day for

બેસવું.

કેમ, દાખલો **બેસે** છે કે નહીં ?—can you solve the example ?
એનું તમને શું **બેઠું** ?—what did it cost you ?
હવે ચોમાસું **બેઠું**—now it has properly begun.
હજુ ચિત્ર કામમાં એનો **હાથ બેઠો** નથી—not yet a steady hand in drawing.
આજ ભાત **બેઠો** લાગે છે—તાપ વધારે લાગવાથી બળી જઇ તપેલી સાથે ચ્હોંટી ગયો હોય એમ લાગે છે.
હોણુના વેપારમાં ઘણા વેપારીઓ **બેઠા**—became insolvent.

મ્હારી જાણુમાં એ જ્ઞાતિમાં વીસ **ઘર બેઠાં**—became extinct.

પૈસા આપી દે નહીં તો તારે **બારણે બેસીશ**—will force you to pay.

ઘેર **બેસવું**—to be without occupation.

ચોમાસામાં ઘણાં **ઘર બેસી** જાય છે—the foundations give way.

ઘણી મુદતે સોનાનો ભાવ જરા **બેઠો**—the price fell a little.

ભરવું.

મ્હારી ચોપડી ફાડી તેના પૈસા **ભરી** આપ. હું એ **ભરી લીધા** વિના રહેવાનો નથી.

સમજીને-વિચારીને ડગલું **ભરવું**—કંઈ કામ કરવું.

તમે બહુ અનાજ **ભરી મૂકો** છો—store up.

આજે ત્રણ છોકરાંને **વાડી ભરી હતી**—માથે ફૂલ ગૂંથવાં.

મારવું.

એણે અંધારામાં ચાર તીરો **માર્યાં**—discharged.

એ વૈદને પારો **મારતાં** ઠીક આવડે છે.

કંઈ **ધાડ મારી કે ?**—have you succeeded ? have you been able to do anything ?

હજુ એને **હાથ મારતાં** તો આવડતું **નથી**—in swimming.

સટ્ટાના વેપારમાં ઘણા **માર્યા ગયા**—became ruined

તોપ **મારવી**—to tell exaggerated stories, to draw the long bow.

જખ **મારવી**—to be extremely sorry for one's fault.

મૂકવું.

મમરો **મૂકવો**—રંજક **મૂકવી**—to say something to make others quarrel among themselves.

એ વાતને **મીંડું મૂકો**—put it aside.

મેં તો એ વાતનું પાણી **મૂક્યું** છે—taken an oath never to do it.

રહેવું.

આ સઘળો સામાન પેટીમાં **રહેવાનો નથી**—the box cannot hold &c.

માથું દુઃખતું **રહેશે** તો હું આવીશ. મ્હારા બધા સાંધા **રહી** ગયા છે.
રહી રહીને એને રડવું આવે છે—at intervals.
રહ્યું સહ્યું—what remains after use; the remainder or surplus.

લાગવું.

એનું ઘર **લાગ્યું** ત્યારે હું વડોદરે હતો—caught fire.
એ કામમાં મને બહુજ પૈસા **લાગ્યા**—cost me much.
હાથ **લાગવું**—to find.
એ તાળાને કોઇ પણ કુંચી **લાગતી** નથી.
તે નોકરી એ **લાગ્યો** છે, હવે ઠેકાણે પડશે—has taken up service.
એમાં ત્હને કેમ એટલું બધું **લાગી જાય** છે?—why do you take it to heart so very seriously?

વાળવું.

મ્હોં **વાળવું**—to lament over a loss with the face covered.
ગમે તેમ મન **વાળવાનુંજ** તો—to take comfort.
મૂઠ મારતાં તો બધા જાણે છે પણ **વાળતાં** બધાંને આવડતું નથી.
તમારે શરીર **વાળવું** જોઇએ—make it strong and healthy.
એણે બાપનું ભારે કરજ **વાળ્યું**—discharged or paid off.
આજે **પગ વાળવાનો** વખત મળ્યો નથી—to take some rest.

411.— Idiomatic Uses of Adjectives.

આડું.

આડું અવળું સમજાવવું—જૂઠું સાચું કહેવું.
આડું ફાટવું—to take some cross road all of a sudden.
આડે આવવું—to come in one's way.
આડે દહાડે—any day except the holidays and other prescribed days.
એના તોફાનથી તો **આડો** આંક.
એને તો જરાજરામાં **આડું** પડે છે } takes every thing amiss
એતો જરાજરામાં **આડું** પાડે છે } and gets peevish.
એને તો **આડું** હોય એમ લાગે છે—ભૂત, ડાકણ, વગેરેથી થતી ઇજા.

કઠણુ.

પથ્થર બહુ કઠણુ હોય છે. તે રોગમાંથી બચવો કઠણુ છે.
આ કામ બહુ કઠણુ છે. હવે વખત બહુ કઠણુ આવ્યો છે.
આ વાક્યનો અર્થ બહુ કઠણુ છે. તેણે મ્હને બહુ કઠણુ શબ્દો કહ્યા.
તે કઠણુ છાતીનો આદમી છે.

N. B.—The shades of meaning in all these sentences can be easily perceived.

કાળું.

કાળા અક્ષરને કૂટી મારે એવો છે—he is wholly illiterate.
કાળા પાણીએ જવું—to be transported to the Andamans.
કાળું કરવું—to go away; to do some bad actions.
કાળું મ્હોં—a term of reproach.
કાળું ધોળું કરવું—to use means fair and foul.

412.— *Miscellaneous Phrases.*

ઉગી નીકળવું—to bear fruit: એની મહેનત ઉગી નીકળી.
દીલ ભરાવું—to be attacked with fever.
દીલે ભરાવું—to be fat and robust.
શરીરે વળવું—to be strong and healthy.
અંગ મરડવું-આળસ ખાવું—(on account of want of rest.)
મ્હેં તેને ખૂબ ઉધડો લીધો—took him severely to task.
એ તો છાણમાં તરવાર મારે એવો છે—he talks of high things, but is never able to accomplish anything.
ખાધો લાડવો ?—did you gain anything ? (always, ironical).
ઉંધી પુતળીનો માણસ-one who cannot discern objects properly.
ઓઈઆં કરી જવું } not to pay one's debts; to rob
પચાવી પડવું-ખાઇ જવું } others of their dues.
એકી જવું—to go out to make water. }
બેકી જવું—to go out to answer the call of nature. }

N. B.—These two expressions are used generally by young pupils in common village-schools.

દિશાએ જવું-જંગલ જવું-કળશીએ જવું-બેઠી જવું—these terms are generally used by villagers.

ઓઘો બાળવો—to speak out some secret.

ઓછું આણવું
ઓછે પાટલે બેસવું } to be dissatisfied and take every thing ill.

લંબાવવું-આડા પડવું—to lie down for a short nap; to take rest by stretching one's self on the bed.

ઘોડા જેવો તો છે—he is all right (said of a person who pretends [to be ill).

આજે શું શાક બનાવ્યું ? બારશાક—*i. e.* no vegetable.

આરસિયા જેવું કપાળ—blank; without any ચાંલ્લો or તિલક.

નામ બોળવું—to disgrace one's family.

તેનું નામ બાળ—don't mention him before me.

જીવ તલપાપડ થઈ જવો—to be extremely impatient.

જીવ તળે ઉપર થઈ જવો—to be extremely impatient; to be furious with rage.

બહુ ડાહ્યો તે બહુ ખરડાય-too much cunning overreaches itself.

પારકું ઘર કૃષ્ણાર્પણ—to be generous with another's property.

ઈન, મીન ને સાડે તીન—a phrase signifying *very few*.

અખાડા (આંખ આડા કાન) કરવા—to connive at.

ઘર કહે કે બાંધી જો અને લગન કહે કે માંડી જો—building of houses and marrying of children are great wasters of money.

ચઢે તે પડે—every rise has its fall; he that soars high, falls [farthest.

ચણાના ઝાડ પરથી કૂદવું—to make empty boasts.

ચાવીને ચીકણું કરવું-ચાવીને કૂચો કરવો—to talk of the same thing over and over again without any purpose.

ચંડાળ ચોકડી—a crew of rogues; a set of knaves.

જાત પર જવું—to fall upon one's innate nature.

જેના પેટમાં દુઃખે તે વૈદને ઘેર જાય—he who is sick will seek the physician; he who suffers, loudly may complain.

બાંધી મુઠ્ઠી લાખની, ઉઘાડી ત્યારે રાખની—silence is prudence.

એક ઘાના બે કકડા કરવા—to cut the matter short.

એક કહેશે કતારગામ ત્યારે બીજો કહેશે ઉધના—they are always opposed in their views (Katargam and Udhana being villages near Surat, in *opposite* directions).

બે ગોળીનો ચડવો—one who blows hot and cold with the same mouth.

ધાનાર ત્યાં પાનાર નહીં ને પાનાર ત્યાં ધાનાર નહીં—none is completely happy; fortune seldom comes with two hands full.

ધોળે દહાડે—in broad daylight.

દો'ડ ડાહ્યો: અતિ ડાહ્યો—over wise; three wise by two.

દ્રાવિડી પ્રાણાયામ—a circuitous mode of speaking.

ઘડીએ ઘુંટ ભરાય છે—every moment is important (for the person is sure to die very shortly).

મંગળવાર કરવા—to observe a particular vow on Tuesdays.

કલઇ કરાવવી—to get one's self shaved.

શું કાંદો કહાડયો—what have you gained? (ironical).

કજીઆનું કાળબૂત (cobbler's last)—source of all the quarrel.

એને કૂતરાની ઉંઘ છે—sleeps as lightly as a dog.

કુન્દીપાક–કોપરાપાક—ગોળપાપડી આપવો (વી)–જમાડવો (વી) } to beat one severely.

કંઠી બાંધવી–ચેલો મુંડવો—to persuade one to follow suit.

ખરેખરો કન્યારાશી છે—perfectly coward or effeminate.

કસી ખાવી—to be angry and peevish.

એની આંખમાં બહુ કમળો છે—he is extremely jealous.

એની આંખમાં બહુ મરચાં ભભરાય છે—he cannot bear to see other people's happiness.

કોડું નહીં આપવું—not to mind or listen to what one says.

કોરે કાગળે મતુ—signature on a blank paper (ironical).

કંઇ ખરચી પાણી થયાં-મળ્યાં કે?—received any tip? [some time.

ખાટલો ભોગવવો-ખાટલે પડવું—to fall ill and continue to be so for

ત્હારૂં ખાનું ખરાબ થાય !—may evil befal you !(used in cursing).

ખાતર જમા કરી આપવી—to satisfy one's desires in such a way that he may never wish it again. [fool.

ગધેડાનો પાછલો પગ (ને બિલાડીનો આગલો પગ)—said of a great

ગધેડા ઉપર અંબાડી—a good thing in a bad place; a combination of two incompatible things. [by; both are equal.

ગધેડાનું મ્હોં કૂતરે ચાટયું—no one gains or loses anything there-

ધ્યાનમાં તે મનમાં—our wishes are father to our thoughts.

શંખતાં આવડે નહીં ત્યારે લાકડાં લીલાં—a bad workman quarrels with his tools.

નામ મોટાં ને લક્ષણ ખોટાં—great braggarts, little doers. [pity.

પહેલી રાતનું મરે તેને કયાં સુધી રડે—constant complaints never get

પીઠપર પગ મૂકીએ પણ કોઇના પેટપર પગ ન મૂકીએ—whip one's back, do not whip (or cut) one's belly.

બારમો ચંદ્રમા ને છઠ્ઠો રાહુ—dire enmity, diametrical opposition.

બોલે તે કરે શું ને ગાજે તે વરસે શું—barking dogs seldom bite.

હસવાનું ખસવું થઇ જાય —what begins in play may end in a fray.

રાત થોડી ને વેશ ઘણા—much work, little time.

લંકામાં સોનું તે આપણે શું કામનું—why talk of Utopia? [saddle.

મળ્યું તો મીર નહીં તો ફકીર—either win the horse or lose the

વેચાતી લડાઈ લેવી—draw upon one's self unnecessary troubles.

પાડાને દુઃખે પખાલીને ડામ દેવો—to persecute one for the fault of

સત્તા આગળ શાણપણ નકામું—might is right. [another.

સ્મશાન વૈરાગ્ય—a momentary remorse, depression of spirits, indifferencc to world and its concerns.

હાજર સો હજુર—first come, first served. [in life.

સૌને ચ'ડતી પડતી હોય છે—every man has ups and downs

ગોળે મરે તેને વિખે ન મારવો—never draw your dirk, when a dunt will do. [will bear any trouble.

સાચ ને કદી ન લાગે આંચ—a lie has no legs; a clear conscience

સુખ દુઃખનો જોડો—every tide has its ebb.

લીલું ઝાડ જેમ વાળીએ તેમ વળે—bend the twig, bend the tree.

મનમાં પરણ્યા ને મનમાં રાંડયા—under my cloak, I will kill the king.

માણસ જોઇને વાત કરવી—cleave the log according to the grain.

મુઆં પછી સૌ વખાણે—a good thing, when lost, is valued most.

મુઆ નહીં ને ભૂત થયા: ડોશી મોઇ ને પોશી આવી, બેરા બેનાં બે—it amounts to the same thing.

રામનું રાજ્ય—a very happy kingdom (as that of Rama).

રામબાણ દવા—a very efficacious medicine (as sure of effect as the arrow discharged by Rama).

ઘીલી ઘોડી—ભાંગ પીવાથી આવતી ખુમારી.

(કોઇના) પૈસા ઘાલવા—never to pay the debt.

ચેચીને ચણા કરવા—to be a spendthrift, and use every thing extravagantly. [anger).

નહીં આવે તો જા, પડ ચૂલામાં—ખાડામાં—get you gone (said in

બહારથી ચોક પૂર્યા કરવા—to be very sweet and wise in speaking outwardly. [against it or over it).

ચોકડી મૂકવી—to cancel a thing (by placing the mark ×

દરેક માણસ કિસબ ચોર તો ખરો જ—cunning and crafty in his own art.

ચોર્યાશીનો ફેરો—transmigration of the soul through 84 lacs of births; hence metaphorically, a very hard, laborious, and intricate work. [84 castes.

ચોર્યાશી જમાડવી—to give a dinner to the Brahmins of all the

છક્કડ ખાવી—to be cheated; to suffer some loss.

છક્કો પંજો રમવો—to play a deceitful game.

છપ્પન વખારી (ને બારો કુંચી)—a busybody.

છાંટવું-છાંટ મારવી—to be idly gossipping, [you.

મ્હને તો ત્હારા છાંટા લાગ્યા—નડયા—I suffered loss on account of

(કોઇને) માથે છાણાં થાપવાં—not to obey; to disobey (him) on account of being overfondled in young age.

મૂરખનું નામું ભીંતે—a white wall is the fool's paper.

રંગમાં ભંગ—play ends in a fray.

રહે તો આપથી ને જાય તો સગા બાપથી—it is in vain to watch a really bad woman. [with the powerful.

લાંબા સાથે ટુંકો જાય, મરે નહીં તો માંદો થાય—strive not to vie

બેઠેલા પોપડો ન ઉખેડવો—do not rip up old sores.

ભસતા કૂતરાને રોટલીનો કકડો—stop the mouth of a barking dog with a sop; a sop to Cerberus. [honey-comb.

ભર્યા પેટ પર ખાંડ પણ ખારી—the full stomach loathes the

ધૂળ ધાણી ને વા પાણી—reduction to dust, wreck and ruin.

નાક કહ્યા તો કહ્યા પણ ઘી તો ચઢ્યા—an uninvited guest is like a straw.

નાગાને ફૂલે બાવળીઓ તો કે છાંયડો થયો—a fool has no shame.

સૂરજ સામે ધૂળ નાંખીએ તો આંખમાં પડે—he that blows in the dust fills his own eyes.

ડૂબતાને તણખલાનો આશરો–a drowning man catches at a straw.

ઢેડ ઢેખડે રાજી—poor folks are glad of pottage.

ધણીને સુઝે ઢાંકણીમાં, પાડોસીને સુઝે આરસીમાં—a gamester sees always more than a mere looker on.

ધરમ કરતાં કરમ નડે—save a rogue from the gallows, and he will rob you the next night.

જંગલમાં મંગળ, વસ્તીમાં કડાકા—a festival in a forest.

જેના દહાડા પાધરા તેના વેરી આંધળા—the better the day, the better the deed.

જેનું કામ જે કરે—every man to his trade.

કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં—fools rush in where angels fear to tread.

છેડો ફાડી આપવો—to divorce.

જખમારીને કામ કરવું પડયું—he had to do it notwithstanding all his unwillingness.

જુલાબ આપવો-સારી પેઠે ગભરાવવો—ધમકાવવો.

સારી પેઠે ધૂળ ઝાટકવી—to take severely to task.

ટકાના ત્રણ શેર—said of a man, who is of no great importance or for whom nobody cares.

એના પેટમાં પગ-ટાંટીઆ છે—he is cunning.

એની ડાગળી ચસ્કી છે—he is gone mad.

ડોળા ફેરવીને વાત કરવી—to talk angrily.

તેને હવે સ્વર્ગ બે આંગળ બાકી-દૂર-છે—he is too much elated with his good fortune or success.

હાથો ઠોકી આપવો—to settle a contract.

હોળીનું નાળિયેર—a cat's paw.

કુળમાં એ એક દીવો નીકળ્યો-ઠઠયો છે--he is the only man of importance and respect in the whole family. (When spoken ironically, the phrase means quite the reverse, and is applicable to a person who is a disgrace to the family).

લીલો દુકાળ—on account of excessive rain.

સૂકો દુકાળ—for want of rain; on account of drought.

નવનું સાંઝી તેર કરવું-વેતરવું } to be too wise in interfering and
વિવાહનું વર્ષી કરવું } then to spoil the whole thing.

નાગો વરસાદ—rain in the bright sunshine or moonlight.

(કોઈ માણસને) નીચવવો—to wring out money from him.

ટાઢો પથ્થર—said of a man who is very slow in action; a slow-coach.

વચમાં પથરો નાંખવો—to throw obstacles in the way.

એણે હને ખરાબ માલ પધરાવ્યો છે—deceitfully, without in any way allowing you to know it to be so.

ખરેખરો સાડા ત્રણ છે
સાડી ત્રણ પાંસળી છે
સાડા ત્રણ પાયા છે
એનામાં એક પાયો ઓછો છે } he is wanting in common sense; somewhat foolish.

જૈસેકુ મીલા તૈસા, તૈસેકુ મીલા તાઈ—birds of a feather flock together; like draws the like.

એક મગની બે ફાડ—children of the same parents.

અગસ્ત્ય ઋષિના વાયદા—false promises.

તેના વિના જરા પાટલો ફરવાનો નથી—can't do without him.

પાણિયારાના મુનશી } to talk of big things in the house
ઘરનો વાઘ, બહાર બકરી } but be able to do nothing abroad.

એના પેટમાં પાણી છે—he is vindictive, revengeful.

પેચ રમવો—to play a deceitful game.

છોડાં ફાડવાં—to reprimand strongly, to beat severely.

કોઈ માણસને ફોડવો—to learn all the secrets from him, generally by bribing him [always in contempt).

મારી બલા- બલારાત જાણે—I know nothing about it (said

ભંભેરીને ભૂત કરવું—to poison one's ears very much.

એ તો હારા મનને ભાજી મૂળા જ તો—of no use and importance.

કેમ આ કહું છું તે ઘાસ કાપું છું કે?—why don't you listen to me? do you mean to say it is all useless?

મગજમાં પવન બહુ ભરાયો છે-મિજાજ ઘણો વધી ગયો છે.

પુષ્પાંજલી આપવી—(ironically) punish a little.

મોરચો મારવો-જીતવો
મોર મારવો- ખાડ મારવી } to perform some difficult task.

હૈયા મેલું—who does not speak out frankly; cunning.

હૈયું ભરાઇ આવવું—to be very much affected and moved almost to tears.

વાઘને જોઈને તેના તો હાંજાજ ગગડી ગયા—he was very much terrified and lost all presence of mind.

લાકડે માંકડું વળગાડવું—to bring about a union of two things or persons, not quite suitable or pleasing.

લાકડું ઘાલવું—to put in one's claim without a show of reason.

એ કાંઈ લાડું ખાવાનું કામ નથી—it is no easy task.

લીલા વિસ્તારવી-કરવી—to die (generally used of ધર્મોપદેશકો)

વટાણા વાવી જવા
પોબારા ગણી જવા } fly away secretly no one knows where.
અગિયારા ગણી જવા

તેણે જરા સારૂ મ્હને હજાર વાનાં કર્યાં—rebuked me very much.

હાથ-સટ્ટો-શિકાર મારવો—to steal or rob; to get by dishonest means.

સ્વધામ પહોંચી જવું—to die.

એની દાઢ બહુ સળકે છે-સારૂં સારૂં ખાવાનું બહુ મન થાય છે.

હજુ તો સોળે સોકટી કાચી છે } it is merely a beginning; why
પાસેરામાં પ્હેલી પૂણી } are you in a hurry about it?

અટ્ઠા બંધ કરવા—to stop a man from arguing further; shut up these points in the game of backgammon (સોકટાં બાજી); to eat too much, so much so that the man cannot even breathe freely.

નહીં વાપરો તો અથાણું કરજો—preserve it for ever (ironical).

કાગનું બેસવું ને તાડનું પડવું—by a mere coincidence; quite unexpectedly or accidentally.

ભરવું સો ગજ પણ તસુ ન ફાડવું—look before you leap; think twice before you act once.

લખાણું તે વંચાણું—what is writ, is read.

ચોખ્ખે ચોખ્ખી વાત કરવી—not to be afraid to call a spade a spade.

CHAPTER XIV.

I. SYNONYMS.

413. *Synonyms* — **સમાનાર્થદર્શકશબ્દ — પર્યાય** — are "words having *a shade of difference*, yet with a *sufficient resemblance of meaning* to make them liable to be confounded together." We give a few very common pairs or groups of such words below.

1. **રિવાજ** and **ટેવ—રિવાજ** refers to what is done by the majority: **ટેવ** respects that which is done by individuals; while **રિવાજ** points out the act, **ટેવ** refers to the doer of the act. પડી **ટેવ** તે તો ટળે કેમ ટાળી. તે ન્યાતમાં નાતરાંનો **રિવાજ** નથી. દેશ દેશના **રિવાજો** જુદા છે. બાળકોને નાનપણથી સારી **ટેવ** પાડવી જોઈએ.

2. **ઇચ્છા** and **મરજી—ઇચ્છા** is a gentle and calm desire for an object; while **મરજી** is an occasional wish or whim. **ઇચ્છા** is more reasonable, while **મરજી** may often be wanton and leads to unreasonable acts. એ અમલદારના વખતમાં સૌ પોતપોતાની **મરજી** પ્રમાણે વર્તતા. માન પ્રતિષ્ઠા સારૂ સર્વને સ્વાભાવિક **ઇચ્છા** હોય છે.

3. **ઉનું** and **ગરમ-ઉનું** shows hot by fire; **ગરમ** indicates natural property of things. **ગરમ** *may be* used for **ઉનું**, but **ઉનું** is *not* used in the sense of **ગરમ**; બળતો પહાડ ફાટે છે ત્યારે **ઉની** રાખ નીકળે છે. આફ્રિકા એ **ગરમ** દેશ છે.

4. **ઉંઘણસી** and **ઉંઘટો—ઉંઘણસી** is one who oversleeps habitually; **ઉંઘટો** is one who is overpowered by sleep at the time we are speaking; **ઉંઘણસી** માણસ ઘણું ખરૂં સુસ્ત અને ઉદાસ રહે છે. **ઉંઘટું** બાળક ભારે લાગે છે.

5. **થોડું** and **ઓછું—થોડું** is little, while **ઓછું** means less and indicates comparison or diminution. **થોડું** is opposed to ઘણું, **ઓછું** is opposed to વત્તું: **થોડું** પાણી લાવ; મારા ગયાથી આપના ઘરમાં હું શિવાય કાંઈ ચીજ **ઓછી** થઈ લાગે તો ચંદ્રકાન્ત આપશે.

6. **ઉપકાર** and **આભાર—આભાર** is the feeling of gratitude for some obligation received; **ઉપકાર** is the bestowing of a favour on a person; **ઉપકાર** is *active*, while **આભાર** is *passive*; **આભાર** માનવો but **ઉપકાર** કરવો. તેણે એના ઉપર ઘણા **ઉપકાર** કીધા છે તેથી તે તેનો **આભાર** માને છે.

7. **નાનું** and **ઝીણું--નાનું** is small, while **ઝીણું** is fine or minute; વેનિસ શહેર **નાના નાના** દોઢસો બેટપર આવેલું છે. એક ટીપાં પાણીમાં એક કરોડ **ઝીણાં** પોરાં માલમ પડે છે.

8. **જાનવર, પશુ, હેવાન** and **ઢોર--જાનવર** is any object having life. **પશુ** is a beast, either wild or domesticated; **હેવાન** is a beast and implies absence of reason. **ઢોર** comprises all kinds of cattle that have horns.

9. **ઘટવું** and **ખુટવું--ઘટવું** is to diminish or grow less, and is opposed to વધવું; **ખુટવું** is to run short or fall short of the necessary quantity or number. **ઘટવું** *may be* used in the sense of **ખુટવું**, but **ખુટવું** *is not* used in the sense of **ઘટવું**: ઈર્ષાથી બુદ્ધિ **ઘટે** છે. કાલ કરતાં આજ છોકરાની સંખ્યા **ઘટી.** રોઈ રોઈ રાતી આંખડી **ખુટયું** આંસુનું નીર.

10. **વાર્તા** and **વાત--વાર્તા** is an account or narration of some historical or imaginary subject; **વાત** is used in the above sense of **વાર્તા,** as also in the sense of a short speech or statement, event or even rumour. **મેના પોપટની**

વાર્તા, ઈશિવતી એક ઐતિહાસિક વાર્તા. તે બોલી ઉઠયો હા, રે હા, ખરી વાત ! પાઘડી કેમ થઈ તે વાત સાંભળી ઇશ્વિરલાલ બહુ ખુશ થયો.

11. **ચાલ** and **વર્તણુક**--**ચાલ** is conduct–the general tenor of a man's actions influenced by habits and morals; **વર્તણુક** is behaviour and is connected with the circumstances of a particular occasion : મગનલાલ સારી **ચાલના** આદમી છે. તેં તારા નાના ભાઇ તરફ જે **વર્તણુક** બતાવી તે સ્તુતિપાત્ર છે.

12. **વિચાર** and **તરંગ**--**વિચાર** is a thought, more or less founded on reason : **તરંગ** is a humour or caprice, a feeling or impulse of the moment; **વિચાર** is also used in the sense of opinion; આજ કાલના જુવાનો પોતાનાજ **તરંગ** પ્રમાણે ચાલવાની સ્વતંત્રતા શોધે છે. શું, પરમેશ્વર વગર **વિચારે** છોડીઓને જન્મ આપતો હશે ! પિતાની તેના પર પ્રીતિ નથી એ **વિચારે** તેને ગાંડો બનાવી મુકયો.

13. **છેડો** and **અંત**--both these words imply the last parts of a thing. **અંત** implies a notion of termination (final destruction); **છેડો** refers to the extremity of a thing. કાળે કરીને સઘળી વસ્તુનો **અંત** આવે છે. ધરતીના **છેડા** સુધી વસંતને ખોળો.

14. **નીચું** and **ઠીંગણું**--**નીચું** is low as opposed to high; **ઠીંગણું** is that which does not grow sufficiently tall. **નીચું** ઘર, **નીચી** બારી, **ઠીંગણા** માણસ.

15. **પગલું** and **ડગલું**--**ડગલું** is a footstep or the space between two steps of the foot; while **પગલું** is a foot-print or the impression left by the foot. જુનાગઢમાં નરસિંહ મેહેતાનાં **પગલાં** છે. નશીબ ચાર **ડગલાં** આગળનું આગળ.

16. **આળ** and **તહોમત**—both these words refer to the assertion of guilt in a person; but **આળ** is not so formal as **તહોમત**. **તહોમત** is used for crimes, **આળ** for slight breaches of moral conduct. મહેતાજીએ કહ્યું, લે તું ખરો પડ્યો, તારે માથેથી **આળ** ઉતર્યું.

છળે કે કળે છેતરી જો છુપાવે, ઘટે લાજ ને લોકમાં **આળ** આવે.
કોર્ટે તેના ઉપર ખૂનનું **તહોમત** મૂક્યું છે.

